અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૪ એપ્રિલ ૨૦૨૫, શુક્રવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૭ | અંક : ૨૭૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા |** કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે લઘુમતીઓ માટે ભારતથી વધુ સુરક્ષિત જગ્યા દુનિયામાં કોઈ નથી અને તેઓ સુરક્ષિત છે

## ૧૨ કલાકની ચર્ચા બાદ વક્ફ સુધારા બિલ લોકસભામાં પસાર



### સોનિયા ગાંધીએ સરકારની આકરી ટીકા કરી, વક્ફ બિલ બળજબરીથી પસાર કરવામાં આવ્યું

કોંગ્રેસના સાંસદ સોનિયા ગાંધીએ કહ્યું છે કે વક્ફ સુધારા બિલને લોકસભામાં બળજબરીથી પસાર કરવામાં આવ્યું છે. સીપીપીની બેઠકમાં બોલતા સોનિયાએ કહ્યું કે પાર્ટી પ્રસ્તાવિત એક રાષ્ટ્ર-એક ચૂંટણી બિલનો પણ વિરોધ કરશે. તેમણે તેને બંધારણને નુકસાન પહોંચાડવાનો બીજો પ્રયાસ ગણાવ્યો. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ વક્ફ સુધારા બિલ પર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે બિલ અને તેને પસાર કરવામાં સરકારે દાખવેલી ઉતાવળની આકરી ટીકા કરી. તેમણે કહ્યું કે આ બિલ બળજબરીથી પસાર કરવામાં આવ્યું છે, તેને લાદવામાં આવ્યું છે. કોંગ્રેસ સંસદીય પક્ષ (CPP) ની સામાન્ય સભામાં બોલતા સોનિયા ગાંધીએ કહ્યું, વક્ફ સુધારા બિલ ૨૦૨૪ ગઈકાલે લોકસભામાં પસાર થયું હતું અને તે આજે રાજ્યસભામાં રજૂ થવાનું છે. આ બિલ બળજબરીથી પસાર કરવામાં આવ્યું હતું. અમારા પક્ષનું વલણ સ્પષ્ટ છે. આ બિલ બંધારણ પર હુમલો છે. આ આપણા સમાજને કાયમ માટે ધ્રુવીકરણમાં રાખવાની ભાજપની ઇરાદાપૂર્વકની વ્યૂહરચનાનો એક ભાગ છે. લોકસભામાં વક્ફ સુધારા બિલ પસાર થયાના થોડા કલાકો પછી કોંગ્રેસ સંસદીય પક્ષની બેઠકમાં કોંગ્રેસના સાંસદોને સંબોધતા તેમણે આરોપ લગાવ્યો કે મોદી સરકાર દેશને ખાડામાં ધકેલી રહી છે. સરકાર કોઈ પણ બાબતમાં કસર છોડી રહી નથી, પછી ભલે તે શિક્ષણ હોય, નાગરિક અધિકાર હોય, લોકોની સ્વતંત્રતા હોય, આપણું સંઘીય માળખું હોય કે ચૂંટણીઓનું સંચાલન હોય. તેમણે દાવો કર્યો કે હવે આપણું બંધારણ ફક્ત કાગળ પર જ રહેશે. આપણે જાણીએ છીએ કે તેઓ તેને પણ તોડી પાડવાનો ઇરાદો ધરાવે છે.બેઠકમાં સાંસદોને સંબોધતા સોનિયા ગાંધીએ કહ્યું, "આપણા બધા માટે એ મહત્વપૂર્ણ છે કે આપણે શું યોગ્ય છે અને શું ન્યાયી છે તેના માટે લડતા રહીએ. મોદી સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરીએ. સરકાર દરેક વસ્તુ પર નજર રાખવા માંગે છે. આપણે આ વાત લોકો સમક્ષ લાવવી પડશે." કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિત તમામ પક્ષના સાંસદો બેઠકમાં હાજર રહ્યા હતા.

**| (એજન્સી) નવી દિલ્હી, તા.૩ |**

વકફ સુધારા બિલ લોકસભામાં બહુમતીથી પસાર થઈ ગયું છે. બિલના પક્ષમાં ૨૮૮ મત પડ્યા હતા, જ્યારે તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા હતા. ગૃહે વિપક્ષના તમામ સુધારાઓને ધ્વનિ મતથી નકારી કાઢ્યા હતા. લોકસભામાં આ બિલ પર ૧૨ કલાકથી વધુ સમય સુધી ચર્ચા થઈ હતી અને આ મહત્વપૂર્ણ બિલ પસાર કરવા માટે ગૃહની બેઠક રાત્રે લગભગ ૨ વાગ્યા સુધી ચાલુ રહી હતી. હવે આ બિલને આજે રાજ્યસભામાં રજૂ કરવામાં આવી શકે છે.વકફ સુધારા બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ મોડી રાત્રે ૧.૫૬ વાગ્યે આ જાહેરાત કરી હતી. બિલના સમર્થનમાં ૨૮૮ મત પડ્યા હતા, જ્યારે તેની વિરુદ્ધમાં ૨૩૨ મત પડ્યા હતા. હવે તેને રાજ્યસભામાં મોકલવામાં રજૂ કરવામાં આવશે. સૌથી મોટું રાહસે ગણાતા NDAનાં સાથી પક્ષોએ આ બિલને ટેકો આપ્યો હતો. આ બિલની ચર્ચા દરમિયાન વિપક્ષે બિલનાં વિરોધમાં જોરદાર હંગામો કર્યો હતો.કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે લઘુમતીઓ માટે ભારતથી વધુ સુરક્ષિત જગ્યા દુનિયામાં કોઈ નથી અને તેઓ સુરક્ષિત છે કારણ કે બહુમતી સંપૂર્ણપણે ધર્મનિરપેક્ષ છે. બિલની ચર્ચા દરમિયાન કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન રિજિજુએ જણાવ્યું હતું કે પારસી જેવા નાના લઘુમતી સમુદાયો પણ ભારતમાં સુરક્ષિત છે અને તમામ લઘુમતીઓ અહીં ગર્વથી રહે છે.વિપક્ષનાં આરોપ બાદ ચર્ચાનાં પ્રત્યુતરમાં કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સમાજના દરેક વર્ગનું ધ્યાન રાખે છે. તેમણે વિપક્ષી સભ્યોના આરોપો સામે વાંધો ઉઠાવ્યો હતો કે દેશમાં લઘુમતીઓ સુરક્ષિત નથી. તેમણે કહ્યું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સ્પષ્ટતા કરી છે કે આ બિલથી કોઈને નુકસાન થશે નહીં. આજના દિવસને મહત્વપૂર્ણ ગણાવતા તેમણે કહ્યું કે આ બિલથી કરોડો મુસ્લિમ મહિલાઓ અને બાળકોને ફાયદો થશે. વકફ સુધારા બિલની ચર્ચા દરમિયાન AIMIM પાર્ટીના વડા અસદુદ્દીન ઓવૈસીનાં આકરા રૂપમાં જોવા મળ હતા. તેમણે લોકસભામાં કહ્યું કે – "આ બિલમાં વકફ અલ ઔલાદ નિયમ કલમ ૨૫ નું ઉલ્લંઘન છે. આ કાયદો દેશમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદ પેદા કરવા માટે લાવવામાં આવ્યો છે. તેમણે કહ્યું આ બિલનો હેતુ ફક્ત મુસ્લિમોને અપમાનિત અને બદનામ કરવાનો અને તેમને બીજા વર્ગના નાગરિક બનાવવાનો છે. મહાત્મા ગાંધીએ દક્ષિણ આફ્રિકાના કાયદાને ફાડી નાખ્યો હતો, તેથી હું આ બિલને ફાડી નાખું છું."ઉલ્લેખનીય છે કે વકફ સુધારા બિલ લોકસભામાં પસાર થઈ ગયું છે. હવે તેને આજે રાજ્યસભામાં રજૂ કરવામાં આવી શકે છે. આ સમયગાળા દરમિયાન રાજ્યસભામાં હંગામો થાય તેવી પૂરી શક્યતા છે. લોકસભામાં આ બિલ પસાર થવા દરમિયાન ૧૨ કલાક લાંબી ચર્ચા થઈ હતી. વિપક્ષે તેને ગેરબંધારણીય ગણાવ્યું હતું.

## ન્યૂઝ બ્રિફ

### શિવાજી મહારાજ ૧૦૦ ટકા સેક્યુલર હતા : નીતિન ગડકરી



**| નવી દિલ્હી, તા.૩ |**

કેન્દ્રીય માર્ગ અને પરિવહનમંત્રી નીતિન ગડકરીએ છત્રપતિ શિવાજી મહારાજને ૧૦૦% સેક્યુલર એટલે કે ધર્મનિરપેક્ષ શાસક ગણાવ્યા છે. તેમણે કહ્યું કે, શિવાજી મહારાજ ધર્મનિરપેક્ષ મૂલ્યોમાં માનનારા શાસક હતા. શિવાજી મહારાજ પર એક પુસ્તકનું વિમોચન કરતાં નીતિન ગડકરીએ કહ્યું કે, ભારતીયોના દિલમાં તેમનું વિશેષ સ્થાન છે. તેઓ મારા અને મારા માતા-પિતા માટે પણ વિશેષ સ્થાન ધરાવે છે. આજે સેક્યુલર શબ્દ ખૂબ પ્રચલિત છે. પરંતુ અંગ્રેજી શબ્દકોશમાં સેક્યુલર શબ્દનો અર્થ ધર્મનિરપેક્ષ નથી. પરંતુ ધર્મનિરપેક્ષનો અર્થ એ છે કે તમામ ધર્મોનું સમાન રીતે સન્માન કરવામાં આવે.

### તમિલનાડુની સરકાર વક્ફ સુધારા બિલને સુપ્રીમ કોર્ટમાં પડકારશે

**| ચેન્નાઈ, તા.૩ |**

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ગઈકાલે લોકસભામાં વક્ફ બિલને મંજૂરી મળતાં ટીકા કરી છે. તેમણે વક્ફ બિલને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની જાહેરાત કરી છે. CM સ્ટાલિને તમિલનાડુ વક્ફ બિલ પર મજબૂત લડત આપશે અને સફળતા મેળવશે તેવી ખાતરી પણ આપી છે. તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમે વક્ફ બિલની ટીકા કરીએ છીએ. તમિલનાડુ આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં લડશે અને આ લડાઈમાં સફળતા મેળવશે. લોકસભામાં બિલને મંજૂરીના વિરોધમાં ડીએમકેના ધારાસભ્યોએ વિધાનસભામાં કાટી પટ્ટીઓ બાંધી રોષ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી સ્ટાલિને સદનને યાદ અપાવ્યું કે, ૨૭ માર્ચે તમિલનાડુ વિધાનસભામાં વક્ફ સંશોધન બિલને પાછું ખેંચવાનો આગ્રહ કરતાં એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

**સુપ્રીમ કોર્ટે કેમ લીધો નિર્ણય**

## સુપ્રીમ કોર્ટના તમામ જજને પોતાની સંપત્તિની સંપૂર્ણ વિગતો જાહેર કરવા આદેશ

### સુપ્રીમ કોર્ટના તમામ ૩૩ ન્યાયાધીશો તેમની સંપત્તિની વિગતો જાહેર કરશે

**| (એજન્સી) નવી દિલ્હી, તા.૩ |**

સુપ્રીમ કોર્ટના તમામ ૩૩ ન્યાયાધીશો તેમની સંપત્તિની વિગતો જાહેર કરશે. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર સંબંધિત ચર્ચાઓ વચ્ચે લોકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટના ટોચના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિર્ણય ૧ એપ્રિલના રોજ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાની અધ્યક્ષતામાં મળેલી તમામ ન્યાયાધીશોની બેઠકમાં લેવામાં આવ્યો હતો. મિલકત ક્યારે અને કેવી રીતે જાહેર કરવામાં આવશે તે નક્કી કરવામાં આવી રહ્યું છે. સુપ્રીમ કોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે આ માહિતી ટૂંક સમયમાં જનતા માટે ઉપલબ્ધ થશે.



ન્યાયાધીશો દ્વારા સંપત્તિ જાહેર કરવાની જોગવાઈ હજુ પણ છે પરંતુ તેને ફરજિયાત બનાવવામાં આવી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ૧ એપ્રિલની બેઠકમાં નક્કી કરાયેલ પ્રસ્તાવ સુપ્રીમ કોર્ટના ભાવિ ન્યાયાધીશોને પણ લાગુ પડશે. આ પહેલા ૨૬ ઓગસ્ટ, ૨૦૦૯ના રોજ સુપ્રીમ કોર્ટના તત્કાલીન ન્યાયાધીશોએ તેમની સંપત્તિની વિગતો જાહેર કરી હતી. અત્યારે પણ ન્યાયાધીશો મુખ્ય ન્યાયાધીશને આ વિશે જાણ કરે છે પરંતુ તે જાહેર કરવામાં આવતું નથી. સુપ્રીમ કોર્ટની નિર્ણય લીધો છે કે ન્યાયાધીશોએ પદ સંભાળતાની સાથે જ તેમની સંપત્તિની સંપૂર્ણ વિગતો જાહેર કરવી જોઈએ. CJI અને ન્યાયાધીશો સ્વેચ્છાએ સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર તેમની સંપત્તિની વિગતો જાહેર કરશે.

આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે તાજેતરમાં જસ્ટિસ યશવંત વર્માના નિવાસસ્થાનમાંથી રોકડ રકમ મળી આવી હતી. કેસની તપાસ કરવા માટે CJI સંજીવ ખન્નાએ ૨૨ માર્ચે જસ્ટિસ યશવંત વર્મા સામે ત્રણ સભ્યોની આંતરિક તપાસ શરૂ કરી હતી. એવો આરોપ છે કે જસ્ટિસ વર્માના સત્તાવાર રહેણાંક સંકુલમાંથી નોટોના બંડલ મળી આવ્યા હતા, જ્યાં ૧૪ માર્ચે આગ લાગી હતી. આગ બુઝાવનારી ફાયર બ્રિગેડ ટીમે સ્ટોર રૂમમાં નોટોના આ બંડલ જોયા હતા. આગને કારણે ઘણી નોટો બળી ગઈ હતી.

### જમ્મુ-કાશ્મીરના પૂંછમાં સેનાએ પાંચ પાકિસ્તાની ઘુસણખોરોને ઠાર કર્યા

**| શ્રીનગર, તા.૩ |**

પાકિસ્તાની સેનાએ જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, ભારતીય સેનાએ પાકિસ્તાનના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા હતા. જમ્મુ અને કાશ્મીરમાં નિયંત્રણ રેખા (LoC) પર સેનાએ ૪-૫ પાકિસ્તાની ઘુસણખોરોને ઠાર માર્યા હતા. સેનાએ જણાવ્યું હતું કે પૂંછ જિલ્લાના કૃષ્ણા ખીણ વિસ્તારમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. LoCને અડીને આવેલા વિસ્તારમાં ત્રણ માઈન બ્લાસ્ટ થયા હતા અને પાકિસ્તાન તરફથી પણ ગોળીબાર કરાયો હતો. ભારતીય સેનાએ ગોળીબાર કરીને જવાબી કાર્યવાહી કરી હતી.

**મોડી રાત્રે અમિત શાહે રજૂ કર્યો બંધારણીય ઠરાવ**

## મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનને આખરે લોકસભાની મંજૂરી

**શાહે વિપક્ષને મણિપુર મુદ્દા પર રાજકારણ ન કરવા અપીલ કરી**

**| (એજન્સી) નવી દિલ્હી, તા.૩ |**

લોકસભાએ બુધવારે મોડી રાત્રે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસનની પુષ્ટી કરતો બંધારણીય ઠરાવ પસાર કર્યો હતો. હિંસાગ્રસ્ત મણિપુરમાં ૧૩ ફેબ્રુઆરીએ રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર બે મહિનામાં રાષ્ટ્રપતિ શાસનની પુષ્ટી માટે એક બંધારણીય ઠરાવ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવ્યો હતો. ગૃહમંત્રી અમિત શાહે ગૃહમાં જણાવ્યું હતું કે મણિપુરના મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજીનામું આપી દીધું છે, ત્યારબાદ રાજ્યપાલે ધારાસભ્યો સાથે ચર્ચા કરી હતી અને બહુમતી સભ્યોએ કહ્યું હતું કે તેઓ સરકાર બનાવવાની સ્થિતિમાં નથી. શાહે કહ્યું કે આ પછી કેબિનેટે રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વીકારી લીધી હતી. તેમણે કહ્યું હતું કે , "સુપ્રીમ કોર્ટના નિર્ણય અનુસાર હું બે મહિનાની અંદર આ સંદર્ભમાં ગૃહની મંજૂરી માટે એક બંધારણીય ઠરાવ લાવ્યો છું." શાહે વધુમાં જણાવ્યું હતું કે સરકારની પહેલી ચિંતા મણિપુરમાં શાંતિ સ્થાપિત કરવાની છે અને હાલમાં છેલ્લા ચાર મહિનામાં મણિપુરમાં એક પણ મૃત્યુ થયું નથી અને ફક્ત બે લોકો ઘાયલ થયા છે.

તેમણે કહ્યું કે સરકાર ઈચ્છે છે કે મણિપુરમાં જલ્દી શાંતિ સ્થાપિત થાય, પુનર્વસન થાય. આ ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહે ગૃહમાં વિપક્ષી પક્ષોને મણિપુરના મુદ્દા પર રાજકારણ ન કરવા અપીલ કરી હતી.

### ભારતમાં નિયમો એટલા કડક કે વેપાર કરવો અઘરો : ટ્રમ્પ

**| (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ |**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે એક નવા મુક્તિ દિવસ ટેરિફની જાહેરાત કરી. તેનો હેતુ તે દેશો પર શુલ્ક લગાવવાનો હતો, જેમણે ઘણા વર્ષો સુધી અમેરિકન સામાનો પર ટેક્સ લગાવીને અમેરિકાને નુકસાન પહોંચાડ્યું. ભારત ઉત્પાદનો અને તબીબી સાધનો જેવા ક્ષેત્રોમાં સખત પરીક્ષણ અને પ્રમાણપત્ર નિયમો લાગુ કરે છે, જેનાથી અમેરિકન કંપનીઓ માટે ત્યાં પોતાના ઉત્પાદનો વેચવા મુશ્કેલ અને મોંઘા થઈ જાય છે. ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ જાહેર એક રિપોર્ટમાં વ્હાઈટ હાઉસે કહ્યું કે જો આ અવરોધો હટાવી દેવામાં આવે તો ભારતને થનાર અમેરિકન નિકાસ દર વર્ષે ૫.૩ અબજ ડોલર વધી શકે છે. ટ્રમ્પે ભારત પર ૨૬% નો કન્સેશનલ ઈન્ટરચેન્જ ફી લગાવી અને ભારતને ખૂબ આકરો દેશ ગણાવ્યો. તેમણે કહ્યું કે આ શુલ્ક ભારત દ્વારા અમેરિકન સામાનો પર લગાવવામાં આવેલા ૫૨% શુલ્કનો અડધો છે. પોતાના ભાષણમાં ટ્રમ્પે કહ્યું, 'ભારત ખૂબ આકરો દેશ છે, ખૂબ વધુ આકરો. વડાપ્રધાન હમણાં જ ગયા છે.

### રામલલ્લાના દર્શન કરવા અયોધ્યા પહોંચી મુંબઈ ઈન્ડિયન્સની ટીમ

**| (એજન્સી) લખનૌ, તા.૩ |**

હાર્દિક પંડ્યાની નેતૃત્વ હેઠળની મુંબઈ ઈન્ડિયન્સે તેમની પહેલી બે મેચ હાર્યા બાદ છેલ્લી મેચમાં મોટી જીત નોંધાવી છે. હવે ટીમ તેની આગામી મેચ માટે લખનઉમાં છે, જ્યાં શુક્રવારે લખનઉ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ મેચ ઈકાના સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ પહેલા સૂર્ય કુમાર યાદવ, દીપક ચહર, તિલક વર્મા અને ટીમના ઘણા અન્ય ખેલાડીઓ રામલલ્લાના દર્શન કરવા માટે અયોધ્યાના રામ મંદિર પહોંચ્યા હતા. સૂર્યકુમાર યાદવે રામ મંદિરમાંથી તેની પત્ની સાથેનો ફોટો શેર કર્યો હતો. દીપક ચહરની પત્ની જયા ભારદ્વાજે પણ સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરી હતી. ફોટામાં તિલક વર્મા અને કરણ શર્મા પણ જોવા મળે છે. મુંબઈ ઈન્ડિયન્સની આગામી મેચ શુક્રવાર, ૪ એપ્રિલના રોજ ઈકાના સ્ટેડિયમ ખાતે લખનઉ સુપર જાયન્ટ્સ સામે છે. જાન્યુઆરી ૨૦૨૪માં અયોધ્યામાં રામ મંદિરના ગર્ભગૃહ અને પહેલા માળનું કામ પૂર્ણ થયું ત્યારબાદ ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ રામલલ્લાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

### સેન્સેક્સ ૦.૪૨ ટકા ઘટીને ૭૬,૨૯૫.૩૬ ઉપર બંધ

**| (એજન્સી) મુંબઈ, તા.૩ |**

ટ્રમ્પ ટેરિફના વિરોધમાં બજાર મજબૂત રહ્યું અને સેન્સેક્સ અને નિફ્ટી નીચલા સ્તરોથી સુધાર તરફ છે. નિફ્ટી બેંકમાં સારી રિકવરી જોવા મળી અને અંતે તેજી સાથે બંધ થયો છે. મિડકેપ, સ્મોલકેપ સૂચકાંકો નીચા સ્તરથી રિકવર થયા અને વધારા સાથે બંધ થયા છે. ફાર્મા, પીએસયુ બેંક, પીએસઈ શેરોમાં ખરીદી જોવા મળી છે. બેંકિંગ, ઉર્જા, હ્લસ્ઝ્ર સૂચકાંકો વધારા સાથે બંધ થયા છે. આઈટી, ઓટો અને મેટલ શેરોમાં દબાણ જોવા મળ્યું. તેલ-ગેસ, રિયલ્ટી ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ થયા છે.

**અનુરાગ ઠાકુર પર ભડક્યા ખડગે**

## શ્રમિકનો દીકરો છું, આરોપ સાબિત થયા તો રાજીનામું આપી દઈશ

**| (એજન્સી) નવી દિલ્હી, તા.૩ |**

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે આજે રાજ્યસભામાં ખૂબ નારાજ નજર આવ્યા. તેઓ ભાજપ સાંસદ અનુરાગ ઠાકુરના એક નિવેદનનો ઉલ્લેખ કરી રહ્યાં હતાં.

ઠાકુરે લોકસભામાં વકફ બિલ પર ચર્ચા દરમિયાન કર્ણાટકમાં થયેલા એક કૌભાંડમાં ખડગેનું નામ લીધું હતું. તેમણે કહ્યું કે જો આ આરોપ સાબિત થઈ ગયો તો તે રાજીનામું આપવા માટે તૈયાર છે. ઠાકુરે આ નિવેદન માટે માફી માગવી જોઈએ.



ખડગેએ કહ્યું કે હું તૂટી જઈશ પણ ઝૂકીશ નહીં. જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ તો ખડગેએ બોલવા માટે સમય માગ્યો. તેમની સમગ્ર વાત સાંભળવામાં આવીય ખડગેએ કહ્યું કે અનુરાગ ઠાકુરના આરોપોએ મારી ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, મારું જીવન સંઘર્ષોથી ભરેલું રહ્યું છે પરંતુ મે હંમેશા મૂલ્યોનો ખ્યાલ રાખ્યો છે. કાલે લોકસભામાં ભાજપ સાંસદ અનુરાગ ઠાકુરે મારા વિરુદ્ધ પાયાવિહોણા આરોપ લગાવ્યા. મારા સહયોગીએ તેમના અપમાનજનક નિવેદનને પડકાર આપ્યો કે તે મારા વિરુદ્ધ આપ વામાં આવેલા નિવેદનને પાછું લે પરંતુ નુકસાન થઈ ચૂક્યું છે. મીડિયાએ તે નિવેદનને ઉઠાવ્યું સોશિયલ મીડિયા પર પણ તેમનું નિવેદન ફેલાઈ ચૂક્યું છે. તેમના નિવેદનથી મારી છબી અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચ્યું છે.

### ટ્રમ્પના ટેરિફથી ગોલ્ડ માર્કેટમાં ખળભળાટ : સોનાએ બનાવ્યો રેકોર્ડ

**| (એજન્સી) નવી દિલ્હી, તા.૩ |**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના તમામ દેશો સામે પારસ્પરિક ટેરિફની જાહેરાત કરી છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર પણ સોનાના ભાવમાં થોડો વધારો થયો હતો. ટ્રેડ વોરના ખતરા વચ્ચે સલામત રોકાણોની વધતી માંગ વચ્ચે MCX પર સોનાના ભાવ ૯૦,૭૨૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામથી વધીને ૯૧,૨૩૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર ખુલ્યા. બાદમાં MCX પર ટ્રેડિંગ દરમિયાન સોનાનો ભાવ ૯૧,૪૨૩ રૂપિયાના નવા રેકોર્ડ સ્તરે પહોંચ્યો હતો.

**પુતિન પર ગુસ્સો છતાં સમગ્ર વિશ્વને ચોંકાવ્યું**

## ટ્રમ્પે રશિયા પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ ન કરી સમગ્ર વિશ્વને ચોંકાવ્યું

**| (એજન્સી) વોશિંગ્ટન, તા.૩ |**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિવિધ દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાદ્યા છે. અમેરિકાએ પોતાના ગાઢ મિત્ર ગણાવતાં ભારત પર પણ ૨૭ ટકા ટેરિફ લાદ્યો છે. પરંતુ રશિયાને આ નીતિમાંથી બાકાત રાખતાં સૌ કોઈ અચરજ પામ્યા છે. એકબાજુ ટ્રમ્પ રશિયાના પ્રમુખ પુતિનથી યુક્રેન વૉર મામલે નારાજ છે. તો બીજી તરફ તેમણે રશિયા પર કોઈપણ પ્રકારનો ટેરિફ લાદ્યો નથી. ટ્રમ્પની ટેરિફની જાહેરાત બાદથી વિશ્વભરમાં ટ્રેડવૉર વધવાની ભીતિ સર્જાઈ છે. તેમજ ફુગાવાના જોખમ સાથે વિશ્વભરમાં આર્થિક



વિકાસ અવરોધાઈ શકે છે. વ્હાઈટ હાઉસ રોઝ ગાર્ડનમાં ૭૮ વર્ષીય ટ્રમ્પે ચીન, ભારત, જાપાન અને યુરોપિયન યુનિયન સહિત અમેરિકાના મુખ્ય ટ્રેડ પાર્ટનર્સ પર વધારાની ડ્યૂટી લાદવાની વિગતવાર માહિતી આપી હતી. જેમાં તેઓએ રશિયાનો ઉલ્લેખ કર્યો ન હતો. બાદમાં વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે જણાવ્યું કે, રશિયા ટ્રમ્પની ટેરિફ લિસ્ટમાં નથી.

## લેખિત પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ કરવાની તારીખ જાહેર થઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાતમાં પોલીસ ભરતીને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટર અને પોલીસ કોન્સ્ટેબલની ૧૧૦૦૦થી વધુ જગ્યા પર ભરતી બહાર પાડવામાં આવી હતી. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં શારીરિક કસોટીમાં ઉતીર્ણ થયેલા ઉમેદવારોની યાદી જાહેર કરાય હતી, ત્યારે હવે ૧૩ એપ્રિલે યોજાનારી બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની લેખિત પરીક્ષાના કોલલેટર આગામી ૫ એપ્રિલથી ojas પરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા થોડા સમય પહેલાં PSIની શારીરિક કસોટીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે કસોટી પૂર્ણ થતાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલા ઉમેદવારોની વિગતો જાહેર કરી હતી. જેમાં બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરની ૧૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યોજાનારા પેપર-૧ અને પેપર-૨ની લેખિત પરીક્ષાના કોલલેટર આગામી ૦૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ બપોરના ૨ વાગ્યે ojas.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે. ગુજરાત પોલીસ રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા માહિતી આપવામાં આવી છે કે, 'બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંવર્ગમાં શારીરિક કસોટીમાં ઉત્તીર્ણ થયેલ ઉમેદવારોની લેખિત પરીક્ષા આગામી તારીખ ૧૩ એપ્રિલ ૨૦૨૫(રવિવાર)ના રોજ યોજાશે. પેપર-૧ (૩ કલાક) અને પેપર-૨(૩ કલાક)ની પરીક્ષા એક જ દિવસે લેવામાં આવશે. વધુ વિગતો ભરતી બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ લેવી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડની સત્તાવાર વેબસાઈટ gprb.gujarat.gov.in પર પરિણામ જાહેર કરાયું હતું. આ જ વેબસાઈટ પર લેખિત પરીક્ષા અંગેની પણ નોટિફિકેશન જાહેર કરાઈ છે.

### વૃદ્ધે બેંકમાં તપાસ કરતા ભાંડો ફૂટ્યો

## પૈસા ખાતામાં જમા થયાના ટેક્સ્ટ મેસેજ કરી વૃદ્ધ પાસેથી ૯૫ હજાર પડાવી લીધા

### ૧૫ માર્ચના રોજ તેઓ સાંજના સમયે પોતાના ઘરે હતા ત્યારે અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

ઓનલાઈન લોકોને ઠગવાની નવી નવી ટ્રીક ગઠિયા શોધી કાઢે છે. પૈસા ખાતામાં જમા થયાના ટેક્સ્ટ મેસેજ કરી વૃદ્ધા પાસેથી ગઠિયાએ ૯૫ હજાર પડાવી લીધા હતા. ત્યારબાદ પણ બીજા પૈસા નાખવા માટે પૈસા જમા થયાના ટેક્સ્ટ મેસેજ કર્યા હતા, પરંતુ બેંકમાં તપાસ કરતા ખાતામાં એક પણ રૂપિયો આવ્યો ન હોવાથી ભાંડો ફૂટ્યો હતો. આ મામલે વૃદ્ધે મેઘાણીનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ૬૧ વર્ષિય રામજતન સંચીત કોરી પરિવાર સાથે રહે છે અને બીએસએનએલમાંથી નિવૃત્ત થઈ જીવન ગુજારે છે. તેઓ પોતાના પેન્શન માટે એસબીઆઇ બેંકમાં સેલરી એકાઉન્ટ ધરાવે છે અને દર મહિને તે જ ખાતામાં તેમનું પેન્શન જમા થાય છે. ૧૫ માર્ચના રોજ તેઓ સાંજના સમયે પોતાના ઘરે હતા ત્યારે અજાણ્યા નંબરથી ફોન આવ્યો હતો અને સામેવાળી વ્યક્તિએ પૃચ્છા કરી હતી કે, તમે રામજનત કોરી બોલો છો અને તમે અગાઉ એલઆઈસીમાં નોકરી કરતા હતા. ત્યારે સામેવાળી વ્યક્તિનો અવાજ એલઆઈસીવાળા શંકર પટેલનો હોવાનું લાગ્યું હતું. જેથી રામજતને ફોન પર વાતચીત જારી રાખી ત્યારે સામેવાળી વ્યક્તિએ જણાવ્યું હતું કે, મારો મિત્ર બીએસએનએલ કંપનીમાં નોકરી કરે છે, તેના પૈસા હું તમારા ખાતામાં નાંખુ છું, તમે તેના ખાતામાં ટ્રાન્સફર કરી આપો. ત્યારબાદ રૂ. ૩૫૫૦૦ ખાતામાં આવ્યાનો ટેક્સ્ટ મેસેજ રામજતનભાઈના મોબાઈલ પર આવ્યો તેથી તેમણે જે નંબર પર પૈસા નાંખવા કહ્યું હતું તે નંબર પર પૈસા ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ બીજી વખત રૂ. ૩૫૫૦૦નો મેસેજ કર્યો હતો અને ફરી પૈસા ટ્રાન્સફર કરવાનું કહેતા તેમણે કરી દીધા હતા. આમ, તબક્કાવાર ૯૫ હજાર રૂપિયાને ટેક્સ્ટ મેસેજ આવતા તમામ પૈસા તેમને ટ્રાન્સફર કરી દીધા હતા.

### ખેડૂતોની વધી ચિંતા

## ડાંગ સહિત દક્ષિણ ગુજરાતના અનેક સ્થળે વરસ્યો કમોસમી વરસાદ

। (એજન્સી) ડાંગ, તા.૩ ।

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી વાતાવરણમાં પલટો આવ્યો છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી હતી, ત્યારે આજે બુધવારે (૨ એપ્રિલ, ૨૦૨૫) કમોસમી ડાંગ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદ પડ્યો હતો. માવઠું પડતાં પાકને નુકસાનીને લઈને ખેડૂતોમાં ચિંતા વધી છે. રાજ્યમાં ભર ઉનાળે દક્ષિણ ગુજરાત સહિત કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદ ખાબક્યો છે. જેમાં ડાંગ, તાપી, વલસાડ સહિતના વિસ્તારોમાં માવઠું પડ્યું છે. ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી કાળા-ડિબાંગ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું, ત્યારે ડાંગ-આહવા તાલુકાના પૂર્વ પટ્ટીના વિસ્તારોમાં ઉનાળામાં ચોમાસા જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઉનાળામાં વરસાદ પડતાં ખેડૂતોના ખરીફ પાકમાં નુકસાની થવાની શકયતા વર્તાઈ રહી છે. ડાંગ જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે, ત્યારે ડાંગમાં આજે બુધવારે ચાર વાગ્યાના અસરમાં પવન સાથે વરસાદ ખાબક્યો હતો.

## જમીનમાં રેતીના ઢગલામાં થી નવ વર્ષીય માસૂમ બાળકની લાશ મળી

। (એજન્સી) સેલવાસ, તા.૩ ।

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીના સેલવાસના નરોલી ગામે આવેલી જમીનમાં રેતીના ઢગલામાંથી નવ વર્ષીય માસૂમ બાળકની ભેદી સંજોગોમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઇ હતી. પોલીસ અને લોકોએ ગઈકાલે મંગળવારે રાત્રે ગુમ થનાર બાળકની શોધખોળ આદરી હતી. જો કે રેતીના ઢગ પર ૧૫ ફૂટ ઊંચાઈએ ઘરના પાળેલા શ્વાને રેતી ખોદતા જ બાળકની લાશ મળી આવી હતી.

## અમદાવાદ મંડળ પર મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની દ્વિતીય બેઠકનું આયોજન





। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર તારીખ ૦૩.૦૪.૨૦૨૫ ના રોજ મંડળ રેલ ઉપભોક્તા ઉપભોક્તા સલાહકાર સમિતિ (DRUCC) ની દ્વિતીય બેઠકનું આયોજન મંડળ રેલવે મેનેજર કચેરી, અમદાવાદમાં કરવામાં આવ્યું. બેઠકની શરૂઆતમાં સમિતિના સેક્રેટરી અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર શ્રી અનુ ત્યાગીએ બેઠકમાં ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કર્યું તથા અમદાવાદ મંડળ પર ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ તેમજ વિકાસ કામોથી સમિતિના સભ્યોને માહિતગાર કરાવ્યા. તેમણે માનનીય સભ્યોને ખાતરી આપી કે યાત્રી સુવિધાઓનો વિકાસ અમદાવાદ મંડળની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેના માટે દરેક સંભવ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે તથા આવનારા સમયમાં વધુ આધુનિક સુવિધાઓ મંડળ પર જોવા મળશે. તેમની યોગ્ય માંગણીઓ પર મંડળ દ્વારા ત્વરીત સમાધાન કરવામાં આવશે. બેઠક દરમિયાન ઉપસ્થિત માનનીય સભ્યોએ શ્રી સંજય કુમાર બ્રહ્મભટ્ટને ZRUCC સભ્ય માટે નામાંકિત કર્યા.

શ્રી અનુ ત્યાગી દ્વારા પ્રેઝેન્ટેશન મારફતે અમદાવાદ મંડળની સિદ્ધિઓ વિશે માહિતી આપવામાં આવી. તેમણે જણાવ્યું કે અમદાવાદ મંડળના અમદાવાદ, સાબરમતી, ગાંધીધામ અને ભુજ સ્ટેશનો પર મેજર રિડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે સાથે જ ૧૬ રેલવે સ્ટેશનોનું અમૃત સ્ટેશન યોજના હેઠળ રિડેવલપ મેન્ટનું કામ પણ પ્રગતિમાં છે. આ કામો પૂર્ણ થવા પર અમે આપણા સન્માનિત યાત્રીઓને વધુ ને વધુ સુવિધાઓ આપવામાં સક્ષમ થઈશું. શ્રી ત્યાગીએ જણાવ્યું કે આ દરમિયાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો જેવા દ્વિકરણ, ગેજ રૂપાંતરણ, વિદ્યુતીકરણ અને સ્ટેશનના પુનઃવિકાસ કામોને ઝડપ મળી છે.

આ બેઠકમાં ઉપસ્થિત સભ્યોની સાથે પોત-પોતાના ક્ષેત્રોથી સંબંધિત યાત્રી સુવિધાઓ વધારવા, રેલવે સંબંધિત સમસ્યાઓના ત્વરીત નિવારણ લાવવા અને તેમની યોગ્ય માંગણીઓ પર સકારાત્મક ચર્ચા વિચારણા કરી.

આ આયોજિત બેઠકમાં સર્વે શ્રી રાકેશ કુમાર જૈન, પારસમલ નાહટા, હિંગોરભાઈ રબારી, જામાભાઈ દેસાઈ, વિષ્ણુકાંત નાયક, ભગવાનભાઈ પટેલ, સંજય કુમાર બ્રહ્મભટ્ટ, જિતેન્દ્ર કુમાર લેઉઆ, દીપક કુમાર ચૌધરી, દિલીપભાઈ પંડ્યા, કિશોર ઠાકુર, ક્ષિતીશ શાહ, મુકેશકુમાર ઠાકર, રમેશભાઈ સંગાણી, અરવિંદભાઈ નાયક, અનિલકુમાર પટેલ અને જગદીશભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યા તથા આ અવસર પર મંડળના તમામ સિનિયર અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

### ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી

## અંકલેશ્વરમાં વાહનોથી ધમધમતા વિસ્તારમાં ચેઈન સ્નેચિંગની ઘટના ઘટી

### લબરમુછીયા સહિત બે ચેઇન સ્નેચરોને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

। (એજન્સી) અંકલેશ્વર, તા.૩ ।

અંકલેશ્વરના જ્યોતિ ટોકીઝ પાસે બસની રાહ જોઈને ઉભેલ મહિલાના ગળામાં રહેલ સોનાની ચેન સાથેનું પેન્ડલ આંચકી ફરાર થયેલ લબરમુછીયા સહિત બે ચેઈન સ્નેચરોને પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચના હાંસોટ તાલુકાના અણીયાદ્રા ગામની નવી નગરીમાં રહેતા રમીલાબહેન પટેલ ગતરોજ ખરીદી કરવા માટે અંકલેશ્વર ખાતે આવ્યા હતા.જેઓ ખરીદી કરી જ્યોતિ ટોકીઝ પાસે બસની રાહ જોઈને બેઠા હતા તે સમયે પાછળથી આવેલ અજાણ્યા ઈસમે મહિલાએ ગળામાં પહેરેલ પેન્ડલ સાથેની રૂ.૧.૨૬ લાખ સોનાની ચેઈન તોડી ફરાર થઈ રહ્યો હતો.તે સમયે મહિલાએ બુમરાણ મચાવતા અન્ય લોકો દોડી આવ્યા હતા તે દરમિયાન બે પૈકી એક ઈસમે ટોળાને ચપ્પુ બતાવી બાઈક લઈ હાંસોટ તરફ ભાગવા જતા મહિલાએ અન્ય બાઈક સવાર સાથે ચેઈન સ્નેચરોનો પીછો કર્યો હતો પણ તેઓ ચકમો આપી ભાગી ગયા હતા.પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી લબરમુછીયા સહિત બે ચેઈન સ્નેચરોને ઝડપી પાડ્યા હતા.પોલીસે આરોપી અને મૂળ ઉત્તરપ્રદેશ ખાતે રહેતા અભિષેક પટેલ સાથે અન્ય એક સગીરની ધરપકડ કરી છે. આરોપીઓ ચોરીની બાઈક લઈને ચેઈન સ્નેચિંગ કરવા જતા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. અગાઉ આરોપીઓએ કેટલા ગુનાને અંજામ આપ્યો છે તે સહિતની દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## ૪ એપ્રિલની ગાંધીધામ પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે

। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનના પાલનપુર સ્ટેશન પર હાલના જૂના ફૂટ ઓવર બ્રિજને તોડવા માટેના પ્રસ્તાવિત બ્લોકને કારણે ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ આંશિક રીતે રદ રહેશે. જે નીચે મુજબ છેઃ- ૦૪ એપ્રિલ ૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૪૦૬/૧૯૪૦૫ ગાંધીધામ-પાલનપુર-ગાંધીધામ એક્સપ્રેસ ભીલડી અને પાલનપુર વચ્ચે આંશિક રીતે રદ રહેશે. મુસાફરોને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરવા વિનંતી છે. ટ્રેનોના સ્ટોપેજ, રૂટ અને માળખું વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

### અમદાવાદના ઈસનપુર વિસ્તારની ઘટના

## ૨૦ દિવસ પહેલા થયેલી હત્યાના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૩ ।

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં ૨૦ દિવસ પહેલા થયેલી હત્યાના ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે. મૃતકને આરોપીની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકામાં હત્યા નિપજાવી હતી. આરોપી હત્યાને અંજામ આપી રાજસ્થાન ભાગી ગયો હતો. આ ઉપરાંત પોતાના કપડા સળગાવી પુરાવાનો નાશ કર્યો હોવાની હકીકત પણ સામે આવી છે. ૧૧ માર્ચના રોજ શહેરના ઈસનપુર વિસ્તારમાં આવેલા ચંડોળા તળાવ પાસેથી ૫૫ વર્ષીય આધેડ પૂનમ દંતાણીની હત્યા કરવામાં આવી હતી, જે હત્યામાં ફરાર આરોપી શંકર મીણાની હિંમતનગર પાસેથી ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. આરોપી શંકરને શંકા હતી કે મૃતક પૂનમને તેની પત્ની સાથે આડા સંબંધ છે. જેને લઈ અગાઉ શંકરની તેની પત્ની અને મૃતક સાથે પણ તકરાર થઈ હતી. જોકે ૧૧ માર્ચની રાત્રે મૃતકે આરોપીને તને પત્ની સાથેના સંબંધોને લઈને ઉશ્કેર્યો હતો. જે બાદ આરોપી શંકરે આધેડ પૂનમની હત્યા કરી ફરાર થઈ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચે હિંમતનગર પાસેથી આરોપી શંકરની ધરપકડ કરી તપાસ કરતા હકીકત સામે આવી કે આરોપીએ ત્રિશૂળ જેવા હથિયારથી મૃતકને ૧૪ ઘા માર્યા હતા. આરોપીએ કાવતરા પૂર્વક હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. કારણ કે આરોપીએ હત્યા પહેલા પોતાના શરીર પર પ્લાસ્ટિક વીંટ્યુ હતુ. ઉપરાંત મૃતકને માથામાં બોથડ પદાર્થનો ઘા મારી બેભાન કર્યા બાદ મૃતકના કપડા હટાવી તિક્ષ્ણ હથિયારના ઘા માર્યા હતા. જે બાદ કપડા સરખા કરી ફરાર થઈ ગયો હતો. આ ઉપરાંત હત્યા કર્યા બાદ પોતાના પહેરેલા અને મૃતકના લોહીના ડાઘા વાળા કપડા પોતાના વતન પહોંચી સળગાવી દીધા હતા. આરોપી અને મૃતક વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આ બાબતને લઈને લઈ તકરાર થતી હતી. જેથી આરોપીની પત્ની હાજર ન હતી તે સમયે હત્યાને અંજામ આપી મકાન બંધ કરીને તે ફરાર થયો હતો.પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી અને મૃતક છેલ્લા ૨૫ વર્ષથી એકબીજાની પાડોશમાં રહે છે અને બંને છૂટક મજૂરી કરતા હતા.

## કેબિનેટ મંત્રી મૂળુભાઈ બેરાની અધ્યક્ષતામાં ગળતેશ્વરમાં યોજાયો ખાતમુહૂર્ત અને ભૂમિપુજન કાર્યક્રમ







। (માહિતી) નડિયાદ, તા.૩ ।

કેબીનેટ મંત્રી પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ ગુજરાત સરકાર શ્રી મૂળુભાઈ બેરાની અધ્યક્ષતામાં અને રાજય કક્ષાના વન અને પર્યાવરણ કલાઈમેટ ચેન્જ, જળ સંપતિ અને પાણી પુરવઠા, ગુજરાત સરકાર મંત્રી શ્રી મુકેશ પટેલની મુખ્ય ઉપસ્થિતિમાં પૌરાણિક અને ઐતહાસિક મહત્વ ધરાવતા ગળતેશ્વર મંદિર પાસે સરનાલ ગામ ખાતે અંદાજિત ૧૦ કરોડના ખર્ચે ૫ હેક્ટરમાં નિર્માણ પામનાર 'ગળતેશ્વર વન'નું ખાતમુહૂર્ત અને ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો. ગળતેશ્વરમાં નિર્માણ પામનાર સાંસ્કૃતિક વનમાં 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ "માતૃવન"નું નિર્માણ કરવામાં આવશે; આ સાંસ્કૃતિકવનમાંઅડધાહેકટરવિસ્તારમાંદુર્લભપ્રજાતિના રોપાનું વાવેતર કરી "નંદિવન" બનાવવામાં આવશે. આ સાંસ્કૃતિક વનના વિવિધ સાંસ્કૃતિક આકર્ષણો જેવા કે મુખ્ય દ્વાર, ભગવાન શિવજીની ૧૦-૧૨ ફુટ ઉંચી પ્રતિમા, શિવલીંગ વન, યોગ ઉપવન, નક્ષત્ર વન, રાશિ વન, નવગ્રહ વન, પંચવટી વન તેમજ ચરક વન પણ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ સાંસ્કૃતિક વનમાં અલગ અલગ જાતના ઔષધિય રોપા, સુશોભિત રોપા, નાગચંપા તથા બીલીના રોપાનું વાવેતર કરવામાં આવશે.

આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે પર્યાવરણ અને સંસ્કૃતિના સમન્વય તથા પ્રકૃતિ જતનની ભાવના લોકોમાં કેળવાય તેવા ઉમદા હેતુથી સાંસ્કૃતિક વન બનાવવામાં આવે છે. ગળતેશ્વર સાંસ્કૃતિક વન નિર્માણ થવાથી પર્યાવરણ જતન, પ્રવાસીઓ માટે પર્યટન અને આસપાસના લોકો માટે રોજગારી ઉભી થશે. તેમણે જણાવ્યું હતું કે ક્લાયમેટ ચેન્જની પ્રતિકૂળ અસરોથી બચવા માટે વૃક્ષારોપણ ખૂબ જ જરૂરી છે. ત્યારે ગળતેશ્વર વન નિર્માણ અંતર્ગત બે વીઘામાં નર્સરી બનાવવામાં આવશે. જેનાથી વૃક્ષ ઉછેર દ્વારા સ્વરોજગારની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળશે. ખેડા જિલ્લામાં હરિત વસુંધરા એગ્રો ફોરેસ્ટ્રી યોજના અંતર્ગત ૧૭૩૦ હેક્ટર વાવેતર, નેશનલ બામ્બુ મિશન યોજના અંતર્ગત ૨૦૭ હેક્ટર વાવેતર અને લખપતિ દીદી યોજના અંતર્ગત સખી મંડળ દ્વારા ૯૦,૦૦૦ રોપા ઉછેરની કામગીરીને બિરદાવી હતી.

વધુમાં મંત્રીશ્રીએ સરનાલ ગામના લોકોને તેમના ગામમાં એક અલગ માતૃવન બનાવવા તથા સ્વચ્છતા જાળવણી અને જળ સંચય કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત રાજય કક્ષાના મંત્રી શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે ગુજરાત સરકાર રાજ્યમાં વૃક્ષોનો વ્યાપ વધારવા કટિબદ્ધતા થી કામ કરી રહી છે. જેના ભાગરૂપે 'એક પેડ મા કે નામ' હેઠળ રાજ્યમાં ૧૭ કરોડ થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમણે ગળતેશ્વર વન નિર્માણ પ્રોજેક્ટ માટે વન કવચ આપવાની જાહેરાત પણ કરી હતી. વન વિભાગના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમારે જણાવ્યું હતું કે પ્રવાસીઓના આકર્ષણ માટે સાંસ્કૃતિક વનમાં મેઝ ગાર્ડન, પ્રકૃતિ શિક્ષણ કેન્દ્ર, બાળક્રિડાગણ, સેલ્ફી પોઈન્ટ, ગજીબો, વોચ ટાવર તેમજ મિસ્ટ ફોરેસ્ટ બામ્બુ ટનલ પણ બનાવવામાં આવશે તેમજ આવનાર પર્યટકો માટે પાર્કિંગ, ટોયલેટ અને પીવાના પાણી જેવી નાગરિકો માટે પાયાની સુવિધાઓ પણ ઉભી કરવામાં આવશે.આ કાર્યક્રમમાં નેશનલ બામ્બુ મિશન યોજના, એગ્રો ફોરેસ્ટ્રી યોજના અને નર્સરી ઉછેર માટે કુલ રૂપિયા ૭,૫૪,૬૧૦ રકમના ચેક વિતરણ સહાય કરવામાં આવી હતી. સાથે જ વન વિભાગના કર્મચારીઓને ઉમદા કામગીરીને પ્રશસ્તિપત્ર આપી બિરદાવવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત મંત્રીશ્રીઓ અને અધિકારીશ્રીઓ દ્વારા એક પેડ મા કે નામ હેઠળ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તથા સોશિયલ ફોરેસ્ટ્રી ડિવિઝન દ્વારા એક પેડ મા કે નામ સાફલ્ય ગાથા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું. ગળતેશ્વર વન ખાતમુહૂર્ત પ્રસંગે આવેલા મંત્રીશ્રી મૂળુભાઈ બેરા અને મંત્રી શ્રી મુકેશ પટેલે ગળતેશ્વર મહાદેવ અને ડાકોર મંદિરમાં દર્શન કરી સર્વ કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. સાથે જ શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આ પ્રસંગે ઠાસરા ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર, વન અને પર્યાવરણ વિભાગ અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ ગુજરાત શ્રી ડો. એ. પી. સિંધ, નાયબ વન સંરક્ષક શ્રી અભિષેક સામરીયા, અન્ય અધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ, સો મિલ એસોસીએશનના હોદ્દેદારો, સરનાલ ગામ સરપંચ શ્રી સહિત મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨





નવીદિલ્હીમાં સાઉથ બ્લોક ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ દ્વારા માઉન્ટ એવરેસ્ટ (૮,૮૪૮ મીટર) અને માઉન્ટ કાંચનજંગા (૮,૫૮૬ મીટર) પરના અભિયાનોને લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરવામાં આવ્યું.

### રામનવમી શોભાયાત્રા પર હિંદુ સંગઠનને ઝટકો

# ૬ એપ્રિલે રામનવમી શોભાયાત્રા માટે હાવડા પોલીસે ન આપી પરમિશન

### હાવડા પોલીસે શોભાયાત્રા માટે બે નવા રૂટનો પ્રસ્તાવ મૂક્યો

। (એજન્સી) કોલકાતા, તા.3 ।

દેશભરમાં નવરાત્રીનું સેલિબ્રેશન કરવામાં આવી રહ્યું છે. નવ દિવસ સુધી મા દુર્ગાના ૯ સ્વરૂપોની પૂજા કરવામાં આવે છે. દેશમાં ૬ એપ્રિલે રામનવમીનો તહેવાર ઉજવવામાં આવશે. આ અંગે હિંદુ સંગઠનોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. દરમિયાન, પશ્ચિમ બંગાળના હાવડામાં પોલીસે અંજની પુત્ર સેનાને રામ નવમીની શોભાયાત્રા માટે પરવાનગી આપવાનો ઈનકાર કરી દીધો છે. પોલીસે કહ્યું કે ગયા વર્ષે એટલે કે ૨૦૨૪માં પણ શોભાયાત્રાની મંજૂરી આપવામાં આવી ન હતી. આ પછી પણ શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આના પરિણામે હિંસા થઈ, જેના પરિણામે હજારો રૂપિયાની જાનહાની અને સંપત્તિનું નુકસાન થયું. અગાઉ, ૨૦૨૨ અને ૨૦૨૩ માં શોભાયાત્રાના સૂચિત રૂટ પર હિંસા થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે ૧૭.૦૪.૨૦૨૪ ના રોજ હિન્દુ સંગઠન દ્વારા કાઢવામાં આવેલી રેલી દરમિયાન, કલકત્તા હાઈકોર્ટ દ્વારા



લાદવામાં આવેલી શરતોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. હાવડા પોલીસે રામનવમીની શોભાયાત્રા માટે બે નવા રૂટનો પ્રસ્તાવ મૂક્યો છે. અંજની સેનાના સેક્રેટરીને લખેલા પત્રમાં પોલીસે યાત્રાના બે નવા રૂટ આપ્યા છે. પોલીસે જણાવ્યું કે અંજની સેનાના વિવાદિત માર્ગને બદલે રામ રાજા મંદિર રોડથી મહેન્દ્ર ભટ્ટાચાર્ય રોડ અને નેતાજી સુભાષ રોડથી મલિક ફતેહ મોર સુધી યાત્રા કાઢી શકાય છે. બીજો પ્રસ્તાવિત રસ્તો ભગવાન નરસિમ્હા મંદિર પાસેના અવની મોલથી એમજી રોડ અને હાવડા મેદાન થઈને જગત બેનર્જી ઘાટ રોડ સુધીનો છે. પોલીસે અંજની સેનાને જણાવ્યું કે દર વર્ષે શ્રી રામ સેના દ્વારા રામ રાજા રોડ પર શોભાયાત્રા કાઢવામાં આવે છે. આવી સ્થિતિમાં તમે શ્રી રામ સેનાના રૂટ પર શોભાયાત્રા પણ કાઢી શકો છો. ભાજપે આ વખતે બંગાળમાં રામનવમી પર ૨ હજાર શોભાયાત્રા કાઢવાની યોજના બનાવી છે. આવી સ્થિતિમાં પોલીસ હેડક્વાર્ટર દ્વારા શોભાયાત્રાને લઈને માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. રાજ્યના છઢ્ઢ઼ કાયદો અને વ્યવસ્થા જાવેદ શમીમે સૂચના જારી કરી છે કે તમામ પોલીસકર્મીઓ ૨ થી ૯ એપ્રિલ સુધી હાવડા ગ્રામીણ અને હાવડા કમિશનરેટ વિસ્તારોમાં ફરજ પર રહેશે. તેમણે પોલીસ કર્મીઓની રજાઓ પણ રદ કરી છે. આ ઉપરાંત શોભાયાત્રામાં ડીજ અને મોટરસાઈકલ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા શુભેંદુ અધિકારીએ કહ્યું કે આ રામનવમી પહેલા કરતા મોટા પાયે ઉજવવામાં આવશે. આ વખતે ઓછામાં ઓછી ૨ હજાર શોભાયાત્રા કાઢવામાં આવશે. આ દરમિયાન લગભગ ૧ કરોડ લોકો આ શોભાયાત્રામાં ભાગ લેશે. તેમણે કહ્યું કે ગયા વર્ષે ૫૦ લાખ યુવાનોએ શોભાયાત્રામાં ભાગ લીધો હતો..

## સલમાન વહેમમાં ફરતા શખ્સને રિવોલ્વર સાથે રીલ બનાવવી ભારે પડી

। (એજન્સી) લખનઉ, તા.3 ।

લખનઉમાં નકલી સલમાન ખાન બનીને રીલ બનાવનારા શખ્સ પર પોલીસે કાર્યવાહી કરી છે. પોલીસે આ શખ્સની ધરપકડ કરી લીધી છે. ધરપકડ થયેલા શખ્સની ઓળખ આઝમ અલી અંસારી તરીકે થઈ છે. અહીં ઉલ્લેખનિય છે કે, નકલી સલમાન ખાન બનીને રીલ બનાવવાને લઈને આઝમ અંસારીને પોલીસે પહેલા પણ ધરપકડ કરી હતી. આઝમ સઆદતગંજ વિસ્તારમાં રહે છે. હકીકતમાં જોઈએ તો, લખનઉમાં નકલી સલમાન ખાન બનીને રીલ બનાવનારો એક શખ્સની મુશ્કેલી વધી ગઈ છે. લખનઉના ઘંટાઘર વિસ્તારમાં એક શખ્સ સલમાન ખાનની એક્ટીંગ કરી રહ્યો હતો અને શર્ટ કાઢી લાયસન્સવાળી રિવોલ્વર લઈને રીલ બનાવી રહ્યો હતો. આ નકલી સલમાન ખાનના ચક્કરમાં આ વિસ્તારમાં ભીડ જામ થઈ ગઈ હતી. બાદમાં પોલીસ આવી અને નકલી સલમાન ખાનને ઉઠાવીને લઈ ગઈ. પોલીસના જણાવ્યા અનુસાર, મંગળવાર મોડી રાતે ક્લોક ટાવર પાસે આ નકલી સલમાન ખાનના કારણે રસ્તા પર ટ્રાફિક જામ થઈ ગયો હતો. નકલી સલમાન ખઆન લોકો સાથે ઝઘડો પણ કરી રહ્યો હતો. ઘટનાસ્થળ પર પોલીસે આ નકલી સલમાન ખાનના વહેમમાં ફરતા શખ્સને સમજાવવાની કોશિશ કરી.

### પોલીસ વિભાગને 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવા કહ્યું

# ગુનેગારને પણ કાયદા હેઠળ રક્ષણ અને સન્માન મળવું જોઈએ : SC

### સુપ્રીમે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના DGPsને કાનુની અધિકારોનું કડક પાલન કરવા નિર્દેશ આપ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

કોઈ વ્યક્તિ ગુનેગાર હોય તો તેને કાયદા હેઠળ રક્ષણ અને સન્માન મળવું જોઈએ, એમ કહી સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિર્દેશકોને કસ્ટડીમાં લેવાયેલા વ્યક્તિઓના કાનૂની અધિકારોનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો હતો. કેસની સુનાવણી કરતી વખતે ન્યાયાધીશ અહસાનુદીન અમાનુલ્લાહ અને ન્યાયાધીશ પ્રશાંત કુમાર મિશ્રાની ખંડપીઠે પોલીસને રાજ્ય તંત્રનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ ગણાવતા કહ્યું હતું કે, સમાજ અને વ્યક્તિઓની સલામતી માટે પોલીસમાં જનતાનો વિશ્વાસ જાળવવો મહત્વપૂર્ણ છે. કોર્ટે પોલીસ વિભાગને 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવા કહ્યું જેથી કોઈ પણ નાગરિક અન્યાયનો ભોગ ન બને. કોર્ટે ફોજદારી કાર્યવાહી સંહિતા ૧૯૭૩ની કલમ ૪૧(૧)(બી)(૨) હેઠળ હરિયાણાના વકીલ



દ્વારા બતાવેલી ચેકલિસ્ટનો ઉલ્લેખ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે હરિયાણા પોલીસ દ્વારા તૈયાર કરાયેલી ધરપકડ સંબંધિત ચેક લિસ્ટ પર પ્રશ્ન ઉઠાવતા કહ્યું હતું કે, તે માત્ર એક ઔપચારિકતા હોય તેવું લાગે છે અને તેને ગંભીરતાથી ભરવામાં આવી નથી. એક વ્યક્તિએ આરોપ લગાવ્યા બાદ આ મામલો પ્રકાશમાં આવ્યો હતો. જેની હરિયાણા પોલીસ દ્વારા ગેરકાયદેસર રીતે અટકાયત લીધા બાદ પોલીસ સ્ટેશનમાં શારીરિક ત્રાસ આપવામાં આવ્યો હતો. અરજદારના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, પીડિતના ભાઈએ તે જ દિવસે સવારે ૧૧.૨૪ વાગ્યે પોલીસ અધિક્ષકને ધરપકડ અંગે ફરિયાદ કરતો ઈમેલ મોકલ્યો હતો, જેના પગલે બપોરે ૧.૩૦ વાગ્યે એફઆઈઆર નોંધવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે પોલીસ કાર્યવાહીને બિનજરૂરી શક્તિ પ્રદર્શન ગણાવ્યું અને કહ્યું કે કોઈપણ વ્યક્તિ સાથે કાયદા હેઠળ યોગ્ય વર્તન થવું જોઈએ. સુપ્રીમ કોર્ટે પોલીસ અધિકારીઓને ચેતવણી આપી હતી કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તેની ખાતરી કરવામાં આવે. કોર્ટે કહ્યું કે જો આવી ઘટનાઓ ફરી બનશે તો દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સાથે કોર્ટે પોતાના ૨૦૨૪ના ચુકાદાની નકલ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ મહાનિર્દેશકો અને દિલ્હી પોલીસ કમિશનરને મોકલવાનો નિર્દેશ આપ્યો હતો, જેથી તેઓ અટકાયતમાં લેવાયેલા વ્યક્તિઓના અધિકારોનું પાલન સુનિશ્ચિત કરી શકે.

### આ રોગથી માનવ મૃત્યુનો બીજો કિસ્સો છે

# આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂથી બે વર્ષની બાળકીએ જીવ ગુમાવ્યો

। (એજન્સી) અમરાવતી, તા.3 ।

આંધ્રપ્રદેશમાં બર્ડ ફ્લૂથી સંક્રમિત થવાથી ૨ વર્ષની બાળકીનું મૃત્યુ થયું છે. દેશમાં આ રોગથી માનવ મૃત્યુનો આ બીજો કિસ્સો છે. આ અગાઉ, વર્ષ ૨૦૨૧ માં એક મૃત્યુ થયું હતું. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, આ છોકરીએ કાચું ચિકન ખાધું છે. આ કારણે તેને બર્ડ ફ્લૂનો ચેપ લાગ્યો હતો. છોકરીને પહેલા હળવો તાવ હતો, જેના કારણે તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. થોડા દિવસની સારવાર બાદ તેમનું મૃત્યુ થયું હતું. પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીના વૈજ્ઞાનિકો દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે કે, મૃત્યુનું કારણ બર્ડ ફ્લૂ હતું. આ છોકરીનો નમૂનો NIV ને મોકલવામાં આવ્યો હતો. જોકે, આ વાયરસ પરિવારના અન્ય કોઈ સભ્યને ચેપ લાગ્યો નથી. રાજ્ય સરકારે લોકોને ચેતવણી આપી છે અને સાવચેતી રાખવાની સલાહ આપી છે, પરંતુ આ ઘટના પછી ચિકન ખાવા અંગે પ્રશ્નો ઉભા થયા છે. આવી સ્થિતિમાં, શું આપણે જાણીએ છીએ કે, ચિકન ખાવાથી બર્ડ ફ્લૂ થાય છે? રાજસ્થાનના પશુ વિજ્ઞાન વિભાગના ડૉ. એન. આર. રાવત સમજાવે છે કે, બર્ડ ફ્લૂ એક વાયરલ ચેપ છે.

# દિલ્હીમાં વીજળીના કાપને લઈને આપનું પોસ્ટર પ્રદર્શન

### દિલ્હીમાં વિપક્ષમાં રહેલી આમ આદમી પાર્ટી, વીજળી કાપને લઈને રેખા સરકારને સતત ઘેરી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.3 ।

દિલ્હીમાં વિપક્ષમાં રહેલી આમ આદમી પાર્ટી, વીજળી કાપને લઈને રેખા સરકારને સતત ઘેરી રહી છે. દરમિયાન, ગુરુવારે આમ આદમી પાર્ટીના કેટલાક કાર્યકરો કાશ્મીરી ગેટ, ITO, બુરારી એસેમ્બલી, કાલકાજી સહિત દિલ્હીના ઘણા ભાગોમાં વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ કારણે આમ આદમી પાર્ટીએ ઘણી જગ્યાએ બેનરો લગાવ્યા હતા. બેનર પર લખ્યું છે કે "ભાજપ આવી ગઈ, વીજળી ગઈ". દિલ્હીના કાશ્મીરી ગેટ પર AAP ધારાસભ્ય કુલદીપ કુમારે બેનર સાથે વિરોધ પ્રદર્શન કર્યું. જોકે, પોલીસે ITO ખાતે વિરોધ કરી રહેલા AAP કાર્યકરોને હટાવ્યા અને બેનર પણ દૂર કર્યા છે. આમ આદમી પાર્ટી સતત વીજકાપ અંગે ભાજપને ઘેરી રહી છે અને ભૂતપૂર્વ સીએમ આતિશી વીજકાપ અંગે સોશિયલ મીડિયા




પર સતત પોસ્ટ કરી રહી છે. ભૂતપૂર્વ સીએમ આતિશીએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર દિલ્હીના ઉર્જા મંત્રી આશિષ સૂદ પર નિશાન સાધતા લખ્યું, ઉર્જા મંત્રીના પોતાના વિધાનસભા મતવિસ્તારમાં વીજળી કાપ! ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઈન્સ્ટાગ્રામ પર વીજળી કાપ અંગેની ફરિયાદો સતત પોસ્ટ કરી રહ્યા છે. પૂર્વ મુખ્યમંત્રી આતિશીએ ૧ એપ્રિલના રોજ ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો હતો અને કહ્યું હતું કે, દિલ્હીના લોકો છેલ્લા ૪૦ દિવસથી સતત લાંબા વીજળી કાપથી પરેશાન છે, પરંતુ સમસ્યાનું નિરાકરણ લાવવાને બદલે, ઉર્જા મંત્રી વિધાનસભામાં ખોટું બોલીને પોતાની સરકારની નિષ્ફળતા છુપાવી રહ્યા છે. તેમણે ઉર્જા મંત્રીના ત્રણ જુઠ્ઠાણા પણ ગણાવ્યા હતા. પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું, આશિષ સૂદનું પહેલું જૂઠ - કેજરીવાલ સરકાર દરમિયાન દિલ્હીમાં ૨૪ કલાક વીજળી નહોતી. સત્યઃ કેન્દ્ર સરકારે ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ રાજ્યસભામાં રજૂ કરેલા આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે દિલ્હીમાં ૨૪ કલાક વીજળી મળતી હતી. બીજું જૂઠાણું- દિલ્હીમાં વીજકાપ ભાજપ સરકારની નિષ્ફળતા નથી પરંતુ સુનિશ્ચિત વીજકાપ છે. ત્રીજું જૂઠાણું એ છે કે તમે કાર્યકરો અને બોટ્સ ખોટા પાવર કટ વિશે ટ્વિટ કરી રહ્યા છો. સત્યઃ ભાજપના સમર્થકો પોતે જ વીજળી કાપની ફરિયાદ કરી રહ્યા છે!

## એલન મસ્કની સરકારી ભૂમિકા ટૂંકમાં સમાપ્ત થશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.3 ।

એલન મસ્કની સરકારી ભૂમિકા ટૂંક સમયમાં સમાપ્ત થશે તેવો વર્તારો મળી રહ્યો છે. નોંધનીય છે કે ટેસ્લા અને સ્પેસ Xના સીઈઓ એલન મસ્કની નિમણૂંક સરકારી ખર્ચાઓ ઘટાડવા અને કેટલીક સરકારી એજન્સીઓમાં ફેરફાર કરવા માટે ખાસ સરકારી કર્મચારી તરીકે નિમણંક કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ક્વાર્ટર્સનું બદલીકરણ**

**ઈ-ટેન્ડર નોટીસ નં. ૦૨ વર્ષ ૨૦૨૫-૨૬ તા.૦૨-૦૪-૨૦૨૫. ઈ-ટેન્ડર નં. ડીઆરએમ-આરજેટી-૨૦૨૫-૨૬-ઈ-૦૩** **કામનું નામઃ** રાજકોટ ડિવિઝનઃ- ઓખાઃ- ટાઈપ- II ક્વાર્ટર્સ (૧૬ નંગ) નું બદલીકરણ. **NITની અંદાજીત પડતરઃ** ₹ ૩,૨૭,૬૪,૬૯૦.૫૪, **અર્નેસ્ટ મનીઃ** ₹ ૩,૧૩,૮૦૦.૦૦, **ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.૨૫-૦૪-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે. **ઓફીસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટઃ** www.ireps.gov.in RJT-193

અમને ફોલો કરોઃ X x.com/WesternRly

### હાઇકોર્ટે આપ્યો આદેશ

# કર્ણાટકમાં ઓલા, ઉબેર અને રેપિડો સેવાઓ બંધ થઈ શકે

। (એજન્સી) બેંગલુરુ, તા.3 ।

કર્ણાટક હાઈકોર્ટે બુધવારે એપ આધારિત રાઈડ-હેલિંગ સેવાઓને બાઈક ટેક્સી સેવા બંધ કરવાનો આદેશ આપ્યો હતો. જોકે, બાઈક ટેક્સી સેવાઓને તેમની કામગીરી સંપૂર્ણપણે બંધ કરવા માટે છ સપ્તાહનો સમય આપવામાં આવ્યો છે. પ્લેટફોર્મ અધિકારીઓ કહે છે કે તેઓ નિર્ણય સામે અપીલ કરવાનું વિચારી રહ્યા છે. ચુકાદો આપતાં, કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ બીએમ શ્યામ પ્રસાદે જણાવ્યું હતું કે, જ્યાં સુધી રાજ્ય સરકાર મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ ૯૩ હેઠળ નિયમો ના બનાવે ત્યાં સુધી બાઈક ટેક્સીઓ ચલાવી શકાતી નથી. રેપિડો, ઉબેર ઈન્ડિયા અને ઓલા દ્વારા દાખલ કરાયેલી અરજીઓ પર આ આદેશ આવ્યો હતો. જેમાં સરકારને એગ્રીગેટર લાઈસન્સ ઈસ્યું કરવા અને બાઈક ટેક્સીઓને પરિવહન સેવાઓ તરીકે નોંધણી કરાવવાની માંગ કરવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૧ માં, કર્ણાટક સરકારે બાઈક ટેક્સી સેવાઓ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જાહેર કર્યો. આની વિરુદ્ધ રેપિડો, ઉબેર અને ઓલાએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી.

# કાળી સ્કોર્પિયો પર લાલ બત્તી, ઉપર લખેલું હતું ગવર્મેન્ટ ઓફ ઈંડિયા

### મનીષ યુવકોને નોકરી અપાવવા, ચેરમેન બનાવવા અને લોન અપાવવાના નામ પર છેતરતો હતો

। (એજન્સી) સોનીપત, તા.3 ।

કાળી સ્કોર્પિયો પર લાલ બત્તી અને અકડ તો મોટા સાહેબ જેવી. જોકે પોલીસ સામે બધી હેકડી નીકળી ગઈ. આ મામલો હરિયાણાના સોનીપત જિલ્લાનો છે. અહીં ગામ નાંગલ ખુર્દ નજીક ટીડીઆઈ એસ્પાનિયામાં ચોરીની સ્કોર્પિયો પર લાલ બત્તી અને નકલી નંબર પ્લેટ લગાવીને યુવકોને છેતરનારો આરોપીને મુરથલ પોલીસે પકડી પાડ્યો છે.

આરોપીનું નામ મનીષ છે. જે દેવનગરનો રહેવાસી છે. મનીષ યુવકોને નોકરી અપાવવા, ચેરમેન બનાવવા અને લોન અપાવવાના નામ પર છેતરતો હતો. પોલીસે આરોપીને કોર્ટમાં હાજર કરવા માટે બે દિવસના



રિમાન્ડ પર લીધો છે. હકીકતમાં જોઈએ તો, મનીષ એક એવો બદમાશ હતો જેને જોઈને કોઈ ન કહી શકે કે આ આવી રીતે લોકોને બાટલીમાં ઉતારતો હશે. કાળી સ્કોર્પિયો, લાલ બત્તી અને ગાડી પર "ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા" લખીને ધૂમ મચાવી રહ્યો હતો, અને આ જ તેની ધરપકડનું કારણ બન્યું. જાણકારી અનુસાર, ગામ નાંગલા ખુર્દ નજીક આવેલી ટીડીઆઈ એસ્પાનિયામાં એક યુવક સ્કોર્પિયો ગાડી પર લાલ બત્તી લગાવીને ઊભો હતો. તે યુવકોને બાટલીમાં ઉતારીને નોકરી અપાવવા, અલગ અલગ નિગમમાં ચેરમેનબનાવવા અને બેંક્રોમાંથી લોન માફ કરાવવાના નામ પર છેતરી રૂપિયા પડાવી રહ્યો હતો. પોલીસની ટીમે તરત દરોડા પાડ્યા અને ઘટનાસ્થળેથી મનીષની ધરપકડ કરી લીધી, તેની ગાડી પર લાલ બત્તી લાગેલી હતી અને કાચ પર બ્લેક ફિલ્મ લગાવેલી હતી. પોલીસે આરોપીની ગાડીના કાગળ માગ્યા તો કોઈ કાગળ મળ્યા નહીં. પોલીસે આરોપી અને ગાડીને લઈને પોલીસ સ્ટેશને પહોંચી. તપાસમાં ગાડીની અંદર ૧૫ ઓળખ પત્ર, એક સર્વિસ બુક, અમુક રિઝ્યૂમ અને અન્ય કાગળ મળ્યા હતા. જ્યારે પોલીસે મનીષ સાથે પૂછપરછ કરી તો તેણે જણાવ્યું કે, તે "રેસ રિલેશંસ બોર્ડ ઓફ પાવર"માં સચિવના પદ પર છે. તે યુવાનોને લાંચ લઈને નોકરીએ લગાવે છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**હાલના સ્ટીલ ગર્ડરનું બદલીકરણ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/ટીઆર/એડીઆઈ/૦૧ (૨૦૨૫-૨૬) તા.૦૧-૦૪-૨૦૨૫. **ટેન્ડર નં.** ટીઆરડી-એડીઆઈ-ટી-૦૨-૨૦૨૫-૨૬ **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝનમાં આરસીસી પીએસસી યુ ટાઈપ સ્લેબ અને નવા સ્ટીલ ગર્ડર દ્વારા હાલના સ્ટીલ ગર્ડરનું બદલીકરણ. **અંદાજીત પડતરઃ** ₹ ૧,૩૨,૧૫,૦૯૦.૫૦/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૨,૧૬,૧૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.૩૦-૦૪-૨૦૨૫ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૩૦-૦૪-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-360

અમને ફોલો કરોઃ X x.com/WesternRly

## તંત્રી લેખ...

# બંગાળના ૨૫ હજાર શિક્ષકોની નિયુક્તિ ઉપર રોક યથાવત્

મમતા બેનરજીની સરકારે આજે શિક્ષણ ભરતી કૌભાંડ મામલે સુપ્રીમ કોર્ટે મોટો ઝટકો આપતાં સરકારી સ્કૂલોમાં ૨૫૦૦૦ શિક્ષકો અને બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી રદ કરવાના કોલકાતા હાઈકોર્ટના ચુકાદાને યથાવત્ રાખ્યો. કોર્ટે આ મામલે કડક વલણ અપનાવતા કહ્યું કે શિક્ષકોની નિમણૂક કરવાની પ્રક્રિયા યોગ્ય નહોતી. ઉલ્લેખનીય છે કે કોલકાતા હાઈકોર્ટે ૨૦૧૬ની સંપૂર્ણ જોબ પેનલ જ રદ કરી નાખી હતી. ખરેખર આરોપ હતો કે ભરતી માટે લોકો પાસેથી ૫ થી ૧૫ લાખ રૂપિયા સુધીની વસૂલી કરવામાં આવી હતી. કલકત્તા હાઈકોર્ટે પણ ભરતી પ્રક્રિયામાં અનેક ગરબડ પકડી પાડી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના, જસ્ટિસ સંજય કુમાર અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરતાં સીબીઆઈને ભરતી કૌભાંડની તપાસ ચાલુ રાખવા આદેશ કર્યો હતો. કોર્ટે નોંધ્યું કે ૨૩ લાખ જવાબવહીઓમાંથી કોની કોની ચકાસણી કરવામાં આવી હતી તેના વિશે કોઈ ચોક્કસ માહિતી નહોતી. આ સાથે કોર્ટે પરીક્ષા સંબંધિત જવાબવહીઓના પુનઃમૂલ્યાંકનનો પણ આદેશ આપ્યો હતો. ૨૦૧૬માં સ્ટેટ સ્કૂલ સર્વિસ કમિશનના માધ્યમથી થયેલી ભરતી માટે ૨૩ લાખથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. ૨૫ હજારથી વધુ ભરતીમાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. સુપ્રીમ કોર્ટે હવે આગામી ત્રણ મહિનામાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાના આદેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં માનવીય આધાર પર એક દિવ્યાંગ કર્મચારીઓની નોકરી યથાવત્ રાખી છે. બાકીના દિવ્યાંગ કર્મચારીઓને નવી ભરતી પ્રક્રિયામાં થોડી રાહત આપવા પણ નિર્દેશ આપ્યા છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે, કે અમે તથ્યોની સમીક્ષા કરી છે. સમગ્ર ભરતી પ્રક્રિયા જ હેરફેર અને છેતરપિંડીથી દૂષિત છે જેના કારણે વિશ્વસનીયતા સમાપ્ત થઈ ગઈ છે. નિયુક્ત થયેલા ઉમેદવારોએ અત્યાર સુધીનું વેતન પરત આપવાની જરૂર નથી.

## નંદેસરી પ્રાથમિક ગુજરાતી ગ્રુપ શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂત








વડોદરાના પ્રવાસે આવેલા ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે નંદેસરી પ્રાથમિક ગુજરાતી ગ્રુપ શાળાના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરી નંદેસરી ગામના લોકોને અત્યાધુનિક શિક્ષણ સેવાની ભેટ આપી છે. સુદીપ ફાર્મા લિમિટેડ - નંદેસરી દ્વારા સી. એસ. આર. પહેલ અંતર્ગત રૂ. ૪.૫ કરોડના ખર્ચે નંદેસરી પ્રાથમિક ગુજરાતી ગ્રુપ શાળાના નવનિર્મિત મકાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. 'વિદ્યાદાન મહાદાન' એમ કહીને ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે શાળાના અત્યાધુનિક ભવનના નિર્માણ બદલ સુદીપ ફાર્મા લિમિટેડનો આભાર માની નંદેસરીના ગ્રામજનોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉદ્યોગપતિઓને કોર્પોરેટ સામાજિક જવાબદારી નીતિ હેઠળ વધુને વધુ વિકાસ તેમજ સમાજના કાર્યો કરી રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ અદા કરવા અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પરિશ્રમથી ગુજરાત આજે શિક્ષણ, ઉદ્યોગ સહિતના દરેક ક્ષેત્રે દેશમાં વિકાસનું રોલ મોડેલ બન્યું છે. મુખ્યમંત્રીશ્રી પટેલના નેતૃત્વ તેમજ માર્ગદર્શનમાં અત્યાધુનિક ગુણવત્તાસભર શિક્ષણના પાયા પર વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનું લક્ષ્ય સિદ્ધ કરવાની નેમ વ્યક્ત કરી હતી. વાઘોડિયાના ધારાસભ્ય શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વાઘોડિયાની ૫૦ શાળા સહિત સમગ્ર રાજ્યમાં શાળાઓના નવીનીકરણનું કાર્ય ચાલી રહ્યું છે. રાજ્ય સરકાર સૌની ચિંતા કરે છે, તેમ જણાવી તેમણે બાળકોના ઉજ્જ્વળ ભવિષ્યની કામના કરી હતી. કાર્યક્રમના અંતે કેબિનેટ મંત્રી શ્રી રાજપૂતે શાળાની મુલાકાત લઈ ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓનું નિરીક્ષણ કરી બાળકો સાથે વાત્સલ્યભેર સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે સુદીપ ફાર્મા લિમિટેડના એમ.ડી. શ્રી સુજીત ભાયાણી, અમદાવાદના ઉદ્યોગપતિ શ્રી પ્રવીણભાઈ કોટક, નંદેસરી ગામના સરપંચશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી એમ. પાંડે, અગ્રણીઓ, પદાધિકારીઓ, આચાર્ય સહિત શાળાનો સ્ટાફ, બાળકો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

---

**આજ્ઞા ચક્રનું સ્થાન બે ભમરની વચ્ચે કપાળની મધ્યમાં સ્થિત છે, તે સક્રિય થતાં છઠ્ઠી ઈન્દ્રિય જાગી ગઈ એમ પણ કહેવાય છે**

# અનાહત ચક્ર એટલે કે હૃદય ચક્ર, સ્ત્રી અને પુરુષનાં મિલનનું પ્રતિનિધિત્વ કરે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**"અજ્ઞા ચક્રમા રહેલી શક્તિને ક્રિયાન્વીત કરવા માટે, સાધક શિષ્ય સદગુરુની આજ્ઞાને ખુબ મહત્વ આપી તેને અનુસરે છે. તેને અંતર્જ્ઞાન અને બુદ્ધિની આંખ તરીકે ગણવામાં આવે છે. જ્યારે ધ્યાનમાં મનની આંખમાં, અથવા સ્વપ્નમાં કંઈક દેખાય છે, ત્યારે તે ગુરુ અજ્ઞા દ્વારા 'જોઈ રહ્યું છે'. અહીં એક સેતુ છે, જે સદગુરને શિષ્ય સાથે જોડે છે.**

હિન્દુ પંચાગની ખાસિયત મુજબ બીજું અને ત્રીજું નોરતું ભેગું હતું! અને અહીં જવાબદારી વચ્ચે એ ચેક કરવાનું રહી ગયું, માટે આજે ચૈત્રી નવરાત્રીનાં છઠ્ઠા અને સાતમા દિવસે મા કાત્યાયની અને કાલરાત્રિને નમન કરીએ. આપણે રહ્યા સંસારી, ભોગ એ આપણાં જીવનનો મુખ્ય રસ છે, એમાંથી યોગ તરફ દ્રષ્ટિ એટલી આસાનીથી થઈ શકે નહીં. એટલે કે પલાઠી મારીને બેસવાથી ધ્યાન લાગે નહીં, અને એમાં પણ ભોગના જ વિચારો આવે!: ત્યારે બાકીના કલાકોમાં ધ્યાન રાખીને જાગૃતિના કેન્દ્રોને સક્રિય કરવાના છે, અને શક્તિને ઉર્ધ્વગામી બનાવવાની છે. પ્રચંડ વિદ્યુત પ્રવાહ સ્વરૂપે વહે નહીં, તો પણ ધીમેધીમે પણ અજ્ઞાનના અંધકારને દૂર કરવા કાફી છે, એ સત્ય નજરમાં રાખી બને એટલું ધ્યાન રાખવાની બાબત પર ધ્યાન કેન્દ્રિત કરીશું, તો પણ જીવન સુધરી જશે! મુલાધાર ચક્ર પર પ્રાણીમાત્રની માનસિકતા એક છે, અને એમાંથી આપણે ઉપર ઉઠવાનું છે, એવી વાત કરીએ છીએ, તો માનવી પણું કઈ રીતે અર્જિત કરી શકાય! આપણી આસપાસની દુનિયામાં જીવતા પ્રાણીઓનું નિરીક્ષણ કરીએ! અને પછી આપણી દિનચર્યાનું નિરીક્ષણ કરીએ! આ બંને વચ્ચેનાં માત્ર સ્થૂળ તફાવતને મહત્વ આપ્યા વગર વર્તન તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. આજે આપણે પાંચમાં અને છઠ્ઠા ચક્ર વિશુદ્ધ ચક્ર,તેમજ આજ્ઞા ચક્ર વિશે જાણકારી પ્રાપ્ત કરી ધ્યાન રાખીને સક્રિય કરવા પ્રયત્ન કરીએ.

"*" વિશુદ્ધ ચક્ર જેને વિશુદ્ધિ અથવા ગળાનાં ચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે, એ માનવ શરીરમાં પાંચમું ચક્ર છે. વિશુદ્ધ એક સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ શુદ્ધિકરણ છે, અને આ ચક્ર માત્ર ભૌતિક સ્તરે જ નહીં, પણ મનનાં શુદ્ધિકરણને રજૂ કરે છે. તેનો હેતુ આત્મામાંથી આવતા સત્યને વ્યક્ત કરવાનો છે. આ ચક્ર સંદેશાવ્યવહાર અને વાણીનું કેન્દ્ર છે, અને તે સાંભળવાની ક્રિયા, શ્રવણને પણ નિયંત્રિત કરે છે. તે વ્યક્તિનો શક્તિ સંચારનો વ્યાપ વધારે છે, એટલે મળ્યા વગર પણ પ્રભાવિત કરી શકે છે.

સોળ પાંખડીઓવાળા કમળ દ્વારા પ્રતીકાત્મકરૂપે રજૂ થતું વિશુદ્ધ ચક્ર સોળ ગુણનું પ્રતિનિધિત્વ કરે છે, જેમાં મનુષ્ય સંભવિતપણે નિષ્ણાત બની શકે છે. તેનો બીજ મંત્ર હં છે, અને રંગ વાદળી છે. તેનું તત્વ આકાશ છે.

"*"આજ્ઞા ચક્ર શરીરનું હિન્દુ પરંપરા મુજબ છઠ્ઠું ચક્ર છે, અને અચેતન મનની સ્થિતિ દર્શાવે છે, એટલે મનની પોતાની જાત માટે કોઈ માંગ રહેતી નથી, અને કહેવાય છે, આટલાં જાગરણ પછી સાધકને ત્રીજી આંખ સમજણની આંખ પ્રાપ્ત થાય છે, અને એ તેને પોતાનાં અંતર્જ્ઞાન સાથે જોડવાં, તેમજ વિશ્વ સાથે વાતચીત કરવાની ક્ષમતા આપવાં મદદ કરે છે. જો આ ચક્ર સંતુલિત રીતે સક્રિય થયું હોય તો ભવિષ્યના સંદેશાઓ પણ ઝીલાય છે.


આજ્ઞા ચક્રનું સ્થાન બે ભમરની વચ્ચે કપાળની મધ્યમાં સ્થિત છે, તે સક્રિય થતાં છઠ્ઠી ઈન્દ્રિય જાગી ગઈ એમ પણ કહેવાય છે. તેનો બીજ મંત્ર ઓમ છે, અથવા "પ્રણવ ઓમ", સર્વોચ્ચ ધ્વનિ. જે ભૌતિક શરીરનો ભાગ નથી, પરંતુ પ્રાણિક પ્રણાલીનો ભાગ માનવામાં આવે છે, એટલે બ્રહ્માંડ ની ઉત્પત્તિ આ નાદ બ્રહ્મ દ્વારા થઈ હતી! જેને ગોડ પાર્ટિકલ પણ કહે છે. આ સ્થાનને સાધક જેની શરણાગતિ સ્વીકારી છે, એવાં સદગુરુ માટે એક પવિત્ર સ્થળ બનાવે છે, જ્યાં હિન્દુઓ તેના માટે આદર દર્શાવતાં તિલક બિંદી લગાવે છે.

આજ્ઞા ચક્રને "બે પાંખડીઓના હીરા જેવા કમળ તરીકે વર્ણવવામાં આવ્યું છે, જેની અધ્યક્ષતા હંસા દેવતા અને સુષુમ્ણા શક્તિ છે. એવું કહેવાય છે કે તે નાડીઓ ઈડા અને પિંગલાનું પ્રતિનિધિત્વ કરે છે, જે મુગટ ચક્ર, સહસ્રારમાં ઉગતા પહેલા મધ્ય સુષુમ્ણા નાડીને મળે છે. કમળની ડાબી પાંખડી પર અક્ષર "હમ" સફેદ રંગમાં લખાયેલ છે, અને એ શિવનું પ્રતિનિધિત્વ કરે છે. જ્યારે અક્ષર "ક્ષમ" જમણી પાંખડી પર સફેદ રંગમાં લખાયેલ છે અને શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે.

આ વિશિષ્ટ કમળની અંદર હાકિની શક્તિ છે. તેને સફેદ ચંદ્ર, છ ચહેરા અને છ હાથમાં જુદા જુદા આયુધ અને પુસ્તક ધરાવે, જે વરદાન આપતી અને ભયને દૂર કરતી મુદ્રામાં છે. તેના ઉપરના નીચે તરફ નિર્દેશિત ત્રિકોણમાં સફેદ લિંગ છે. આ ત્રિકોણ, કમળના ફૂલ સાથે, શરણાગતનાં શાણપણનું પ્રતિનિધિત્વ કરે છે.

"અજ્ઞા ચક્રમા રહેલી શક્તિને ક્રિયાન્વીત કરવા માટે, સાધક શિષ્ય સદગુરુની આજ્ઞાને ખુબ મહત્વ આપી તેને અનુસરે છે. તેને અંતર્જ્ઞાન અને બુદ્ધિની આંખ તરીકે ગણવામાં આવે છે. જ્યારે ધ્યાનમાં મનની આંખમાં, અથવા સ્વપ્નમાં કંઈક દેખાય છે, ત્યારે તે ગુરુ અજ્ઞા દ્વારા 'જોઈ રહ્યું છે'. અહીં એક સેતુ છે, જે સદગુરને શિષ્ય સાથે જોડે છે, જેનાથી સાધક શિષ્ય વચ્ચે મૌનમાં પણ સંચાર થાય છે. આજ્ઞા સાથે સંકળાયેલ સાધક શિષ્યનું ઈન્દ્રિય અંગ અને ક્રિયા અંગ એ સદગુરુનું અકળ મન છે, જેને આ સ્થાન પર સ્થિર કરી, સાધક શિષ્ય સદગુરુના જ્ઞાનનો માત્ર શરણાગત બની લાભ મેળવે છે! અને શરણાગતિની પ્રતયેક અનૂભૂતિ માત્ર સદગુરુ કૃપા હી કેવલમ બની રહે છે.

આમ તો કુંડલીની જાગરણ માટે કટિભાગ નીચેનાં શરીરનું કોઈ મહત્વ નથી બતાવાયું! અને એટલે જ ત્યાં કોઈ ચક્ર પણ નથી! પરંતુ આપણાં બે ચરણ (પગ) છે, એને એકવાર સદગુરુએ આપેલ બોધ મુજબ આચરણ તરફ વાળીએ, તો ધ્યાનમાં બેસ્યા વગર આ જે સાત કેન્દ્રો બતાવ્યા છે, એ સક્રિય થાય છે, અને ત્યાં જે શક્તિ ગુંચળું વાળીને સુષુપ્ત અવસ્થામાં પડી છે, એને ક્રિયાન્વિત કરે છે. તો આ અનાહત ચક્રમાંથી શક્તિ ઉધ્વ દિશામાં આગળ વધે છે, અને ત્યાં ઉપર જોયું તેમ કંઠમાં આવેલું વિશુદ્ધ ચક્ર કે, જે ૧૬ પાંખડી ધરાવે છે. આપણે ત્યાં સોળે કળાએ ખીલેલો ચંદ્ર, સર્વગુણ સંપન્ન, તેમજ ૧૬ કળાનો સ્વામી, કે પછી સોળ સ્વરની સાધના કરનાર, એવાં શબ્દ પ્રયોગ થતા હોય છે, જે વિશુદ્ધ ચક્રની સંતુલિતતાનું પરિણામ છે. તો વિશુદ્ધ ચક્ર સુધી પહોંચવા માટે બે માર્ગ છે. એક તો આપણાથી કંઈ નથી થતું એવું સ્વીકારીને કોઈ સમર્થનું શરણું સ્વીકારી લઈએ, અથવા તો ખુદ ઈશ્વરને જ પ્રાર્થના સ્વરૂપે કહીએ કે હે મા જગદંબા! જીવ તારા ચરણે આવી ગયો છે, હવે તું જ મને ઉપર ઉઠાવ!: મૌલિક શબ્દોમાં પ્રાર્થના કરવાની ટેવ પાડીએ જેમકે હવાથી પાતળી, પાણીથી નિર્મળ અને પારદર્શક, અગ્નિથી તેજ, આકાશથી વિશાળ, અને પૃથ્વીથી પણ વધુ ધૈર્ય ધારણ કરી આ સમસ્ત બ્રહ્માંડનું સંચાલન કરનારી, હે મા જગદંબા તુ જ આ અજ્ઞાનના અંધારાનો વિનાશ કર, તું જ તારાં વાહન એવા સિંહ કે વાઘને અમારા વિકારો દૂર કરવા કહે! હું અને મારું આ બે વૃતિના મમતા મોહમયી કાળાશ ધરાવતા વાદળાથી મારું જીવન અંધકારમય બની ગયું છે! તારી કૃપાની હેલી વરસાવી દે, આ કાળાશ દૂર કરી દે, અને તેથી હું માંથી હું હં (હમ) પર પહોંચી શકું! હમ જે વિશુદ્ધ ચક્રનો બીજ મંત્ર છે. હું માંથી હં એટલે હમ પર પહોંચવાનો મતલબ મારું મારું માંથી આપણી અથવા આપણુંની ભાવના જાગૃત થવી. તો શાસ્ત્રીય રીતે કદાચ વિશુદ્ધ ચક્ર કે આજ્ઞા ચક્ર સુધી ન પહોંચી શકીએ, પણ અધ્યાત્મ એક એવો વિષય છે, જ્યાં કોઈની આંગળી પકડીને જઈએ તો અનુભૂતિના આકાશમાં ઉડવાની ઔર મજા આવે!; આપણે આ મુલાધાર ચક્રથી સહસ્રાર ચક્ર સુધી જે રંગોની વાત કરી, એ રંગો એટલી સહજતાથી આપણે ધ્યાન ધરીએ કે ધ્યાન રાખીએ છતાં આંખ બંધ કરવાથી દેખાતા નથી, પરંતુ સદગુરુની આંગળીયે આ કેડીએ ડગલા ભર્યા હોય તો એ આપણી લાયકાત વગર જ આપણી પર કૃપાનો વરસાદ વરસાવે છે, અને આપણે ધન્ય ધન્ય થઈ જઈએ છીએ! અને આમ આજ્ઞા એટલે શરણાગતિ સ્વીકારી લેવાથી બહુ ઝડપી પરિણામ પ્રાપ્ત થાય છે. જય સીયારામ.




---

**સાતમું ચૈત્રી નોરતું । આ દિવસે સાધકનું મન 'સહૂાાર ચક્ર'માં સ્થિત હોય છે એટલે બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિ ઓના દ્વાર ખૂલવા માંડે છે**

# યા દેવી સર્વભૂતેષુ માઁ કાલ રાત્રિ રૂપેણ સંસ્થિતા। નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ।



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ચૈત્રી નવરાત્રીનો પવિત્ર તહેવાર ચાલી રહ્યો છે. ચોથી એપ્રિલ એટલે કે ચૈત્રી નવરાત્રિની સપ્તમી તિથિ છે. મહાસપ્તમી નવરાત્રિના સાતમા દિવસે આવે છે.આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ માં કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે. હંમેશા શુભ પરિણામ આપવાના કારણે તેણીને શુભંકરી પણ કહેવામાં આવે છે.**

આજે ચૈત્રી નવરાત્રિના સાતમા નોરતે એટલે કે ચોથી એપ્રિલ શુક્રવારે નવદુર્ગાના કાલરાત્રિ સ્વરૂપનું પૂજનઅર્ચન થાય છે.મા કાલરાત્રિ દુષ્ટોનો નાશ કરનાર છે એવું માનવામાં આવે છે કે માતા કાલરાત્રિની પૂજા કરનાર ભક્તો પર માતા રાણીની વિશેષ કૃપા રહે છે. આ દિવસે સાધકનું મન 'સહસ્રાર ચક્ર'માં સ્થિત હોય છે. એટલે બ્રહ્માંડની સમસ્ત સિદ્ધિ ઓના દ્વાર ખૂલવા માંડે છે.



દેવીના આ રૂપના આગમનમાત્ર થી તમામ રાક્ષસો, ભૂત-પ્રેત પિશાચ અને નકારાત્મક ઊર્જા ઓ પલાયન કરી જાય છે. કાલરાત્રિ માતાના શરીરનો રંગ ગાઢ અંધકાર સરીખો કાળો છે. માથાના વાળ ખુલ્લાં હોય છે. ગળામાં વીજળીની જેમ ચમકતી માળા હોય છે. માતાને ત્રણ નેત્રો હોય છે. જેમાંથી વીજળી જેવી ચમકદાર કિરણો નીકળતી રહે છે. માતા નાક વાટે શ્વાસોચ્છવાસ લે ત્યારે પણ અગ્નિની ભયંકર જ્વાળાઓ નીકળે છે. મા કાલ રાત્રિનું વાહન ગદર્ભ છે.

મા કાલરાત્રિના સ્વરૂપની વાત કરીએ તો માતા રાણીને ચાર હાથ છે.કાલરાત્રિમાતા ચાર ભુજાધારી છે.જમણી બાજુની બે ભુજાઓ પૈકીની ઉપર ઉઠેલી ભુજા વડે માતા વરદાન પ્રદાન કરે છે. જ્યારે નીચે રાખેલો હાથ અભય મુદ્રા દર્શાવે છે. તે એક હાથમાં ખડુ (તલવાર), બીજા હાથમાં લોખંડનું હથિયાર, ત્રીજા હાથમાં વરમુદ્રા અને ચોથા હાથ માં અભય મુદ્રા ધરાવે છે.નવરાત્રિ ના સાતમા દિવસે મા કાલરાત્રિની પૂજા કરવામાં આવે છે. સ્નાનાદિ કર્મ પતાવીને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવા. માતા રાણીને અક્ષત, ફૂલ, ધૂપ, ગંધક, ગોળ અને નૈવેદ્ય વગેરે વિધિપૂર્વક અર્પણ કરવું. મા કાલરાત્રિને રાતરાણીના ફૂલો અર્પણ કરવા શુભ માનવામાં આવે છે. માતાને લાલ રંગ પસંદ છે. પૂજા બાદ મા કાલરાત્રિના મંત્રોનો જાપ કરવો જોઈએ. ત્યાર બાદ મા દુર્ગાની આરતી કરવી.મા કાલરાત્રિને ગોળમાંથી બનેલો નૈવેદ્ય ધરાવવો. માતાની પૂજા કરતી વખતે માથું ખુલ્લું ન રાખવું. સાફ વસ્ત્રથી ઢાંકી રાખવું.પૌરાણિક કથા પ્રમાણે શુંભ અને નિશુંભ નામક અસુરોનો સંહાર કરવા માટે દેવી પાર્વતીએ કાલરાત્રિ સ્વરૂપ ધારણ કરેલું હતું. માતાજીની ઉપાસના કરતા યમ,નિયમ,અને સંયમનુ પૂર્ણ પાલન કરવું જોઈએ અને મન,વચન,અને કાયાની પવિત્રતા રાખવી જોઈએ.

કરાલવંદના ધોરાં મુક્તકેશી ચતુ ર્ભુજામ કાલરાત્રિવિભૂષિતામ્ ॥ કરાલિક્રા દિવ્યાં વિદ્યુતમાલા

દિવ્યં લોહવજ ખડુ વામોધોધ્વ કરામ્બુજામ અભયં વરદાં ચૈવ દક્ષિણોધ્વાધઃ પાર્ણિકામ્ મમ ॥

મહામેઘ પ્રભાં શ્યામાં તક્ષા ચૈવ ગર્દભારુઢા ।

ઘોરદંશ કરાલાસ્યાં પીનોન્ત પયોધરામ્ ॥સુખ પપ્રસન્ન વદના સ્મેરાન્ન સરોરુહામ એવં સચિયંત યેત્ કાલરાત્રિમ્ સર્વકામ્ સમૃદ્ધિદામ્ ॥

યા દેવી સર્વભૂતેષુ માઁ કાલરાત્રિ રૂપેણ સંસ્થિતા। નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥ એક વેધી જપ ।કર્ણપૂરા નગ્ના ખરાસ્થિતા। લમ્બોષ્ઠી કર્ણિકા કણી તૈલાભ્યક્તશરીરિણી॥ વામપદોલ્લસલ્લોહલતાકણ્વક ભૂષણા। વર્ધનમૂર્ધ્વજા કૃષ્ણા કાલરાત્રિભયંકરી ॥ઓમ ક્લીં મે હદયં પાતુ પદૌ શ્રીકાલરાત્રિ ।લલાટે સતતં પાતુ તૃષ્ટગ્રહ નિવારિણી ॥

રસનાં પાતુ કૌમારી, ભૈરવી ચક્ષુષો ર્ભમ ।

કટૌ પૃષ્ઠે મહેષાણી, કર્ણોશંકર ભામિની ॥

વર્જિતાની તુ સ્થાનાભિ યાનિ ચ કવચેન હિ ।તાનિ સર્વાણી મે દેવીસતતંપાતુ સ્તમ્ભિની ॥

મા કાલરાત્રિ દેખાવમાં ભલે ભયંકર હોય, પણ તેઓ હંમેશા શુભ ફળ આપે છે. આથી જ તેમણે 'શુભાક્રારી માતા' તરીકે પણ ઓળખવામાં આવે છે. માતાના ભક્તોએ માતાના વિકરાળ સ્વરૂપથી ડરવાની સહેજે જરૂર નથી. એ સ્વરૂપ માત્ર દુષ્ટ તત્વો માટે છે. એમના આ સ્વરૂપથી દાનવો, ભૂત-પ્રેત- પિશાચ, દુષ્ટ તત્વો, નકારાત્મક ઉર્જા વગેરે ભય પામીને પલાયન થઈ જાય છે. મા કાલરાત્રિ ગ્રહ બાધાઓને પણ દૂર કરે છે. એમના ઉપાસકોને અગ્નિ, જળ, જંતુ, શત્રુ, રાત્રિનો ભય નથી લાગતો મા કાલરાત્રિની નિરંતર સાધના કરનારો મનુષ્ય ભય- મુક્ત બને છે.

આજે ચૈત્ર સુદ સાતમ ચોથી એપ્રિલ શુક્રવારે માતાજીનું સાતમું નોરતું,જાણોમાં કાલરાત્રીની પૂજા નું શુભ મુહૂર્ત, વિધિ અને ભોગ

ચૈત્રી નવરાત્રીનો પવિત્ર તહેવાર ચાલી રહ્યો છે.ચોથી એપ્રિલ એટલે કે ચૈત્રી નવરાત્રિની સપ્તમી તિથિ છે. મહાસપ્તમી નવરાત્રિના સાતમા દિવસે આવે છે.આ દિવસે મા દુર્ગાના સાતમા સ્વરૂપ માં કાલરાત્રીની પૂજા કરવામાં આવે છે.હંમેશા શુભ પરિણામ આપવાના કારણે તેણીને શુભંકરી પણ કહેવામાં આવે છે.

મા કાલરાત્રી દુષ્ટોનો નાશ કરવા માટે જાણીતી છે, તેથી તેનું નામ કાલરાત્રી છે.મા કાલરાત્રી મા દુર્ગા નું સાતમું સ્વરૂપ,ત્રણ આંખોવાળી દેવી છે.એવું કહેવાય છેકે, નવરાત્રિના સાતમા દિવસે જે પણ મા કાલરાત્રિની આરાધના કરે છે તેની બધી પરેશાનીઓ દૂર થઈ જાય છે. મા કાલરાત્રીની પૂજા કરવાથી ભય અને રોગોનો નાશ થાય છે.તેની સાથે જ ભૂત-પ્રેત, અકાળ મૃત્યુ,રોગ,શોક વગેરે તમામ પ્રકારની મુશ્કેલીઓમાંથી મુક્તિ મળે છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ મા કાલરાત્રિની પૂજાનો તિથિ અને શુભ સમય.

મા કાલરાત્રીનું સ્વરૂપઃએવું કહેવાય છે કે,શુંભ,નિશુમ્ભ અને રક્તબીજને મારવા માટે દેવી દુર્ગા એ કાલરાત્રીનું રૂપ ધારણ કરવું પડ્યું હતું. દેવી કાલરાત્રીનું શરીર અંધકાર જેવું કાળું છે. તેમના શ્વાસમાંથી અગ્નિ નીકળે છે. માતાના વાળ લાંબા અને વિખરાયેલા છે.ગળાની માળા વીજળીની જેમ ચમકે છે. માતાની ત્રણ આંખો વિશાળ અને બ્રહ્માંડ જેવી ગોળ છે. માતાના ચાર હાથ છે,જેમાં એક હાથ ખડગ એટલે કે તલવાર,બીજામાં લોખંડી શસ્ત્ર, ત્રીજો હાથ અભય મુદ્રામાં અને ચોથો હાથ વરમુદ્રામાં છે.

પૂજા પદ્ધતિ સપ્તમી તિથિના દિવસે સવારે બ્રહ્મ મુહૂર્તમાં

સ્નાન કરીને પૂજાની શરૂઆત કરવી જોઈએ. સ્નાન કર્યા પછી માતાની સામે ઘીનો દીવો પ્રગટાવો તેને લાલ ફૂલ અર્પણ કરો.મા કાલ રાત્રીની પૂજામાં મીઠાઈ,પાંચ પ્રકારના ફળ,અક્ષત, ધૂપ,સુગંધ, ફૂલ અને ગોળ, નૈવેદ્ય વગેરેનો પ્રસાદ ધરાવવામાં આવે છે.આ દિવસે ગોળને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.મા કાલરાત્રિ ને ગોળ અથવા તેમાંથી બનાવેલી વાનગી અર્પણ કરો.પૂજા પૂરી થયા પછી માતાના મંત્રોનો જાપ કરો અને તેમની આરતી કરો.દુર્ગા ચાલીસા અથવા દુર્ગાસપ્તશતીનો પાઠ પણ કરો.

મા કાલરાત્રિને ગોળ ખૂબ પ્રિય છે. આથી માતાને ગોળનો ભોગ ચઢાવો,તેનાથી બધી મનોકામના ઓ પૂર્ણ થાય છે અને માતા પ્રસન્ન થાય છે અને ભક્તો પર સદાય પોતાની કૃપા બનાવી રાખે છે. મંત્ર.ૐ એમ્ હીં કલીમ્ ચામુંડા વિચ્ચૈ ૐ કાલરાત્રિ દૈવ્યે નમઃ , ૐ કાલરાત્ર્યૈ નમઃ

ૐ ફટ શત્રુન સાધય ઘાતયૐ

ૐ હીં શ્રી કલીમ્ દુર્ગતિ નાશિન્યૈ મહામાયાયૈ સ્વાહા ।

ધ્યાન મંત્ર એકવેણી જપાકર્ણ પૂરા નગ્નાખરા સ્થિતા લમ્બોસ્ટી કર્ણિકાકર્ણિ તૈલાભ્યકત શરીરિણી। વામપાદોલ્લ સલ્લોહલતા કણટક ભૂષણા વર્ધનમૂર્ધ્વજા કૃષ્ણા કાલરાત્રિ ર્ભયડકરી!!

વાચક ચાહક મિત્રો,આજે સાતમું નોરતું આવતીકાલે આઠમ મા શક્તિ ભગવતીની ચૈત્રી પલ્લી ભરાશે.ચૈત્રી નવરાત્રીમાં એક નોરતું ઘટયું છે મા શક્તિ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના.

# પ્રિયંકા ચોપરાની 'સિટાડેલ'ની બીજી સિઝન ખોરંભે ચડી





**પ્રિયંકા ચોપરાની લોકપ્રિય વેબ સિરીઝ 'સિટાડેલ'ની બીજી સીઝન આ વર્ષે જ ૨૦૨૫માં રિલીઝ કરવાનું આયોજન હતું**

પ્રિયંકા ચોપરાની લોકપ્રિય વેબ સિરીઝ 'સિટાડેલ'ની બીજી સીઝન વર્ષ ૨૦૨૫માં રિલીઝ કરવાનું આયોજન હતું. બીજી સિઝનનું શૂટિંગ પૂરું થયા પછી પોસ્ટ પ્રોડક્શન હાથ ધરાયું હતું. જેના ભાગરૂપે શોના પ્રોડ્યુસર્સને બીજી સિઝનના એપિસોડ્સ બતાવાયા હતા. પ્રોડ્યુસર એમેઝોન એમજીએમને બીજી સિઝન ખાસ પસંદ આવી નથી, જેના કારણે તેમણે રિલીઝ અટકાવી દીધી છે અને 'સિટાડેલ'ની સ્પિનઓફ સિરીઝનું શૂટિંગ પણ અટકાવી દેવાયું છે. રિપોર્ટ્સ મુજબ, એમેઝોન એમજીએમ દ્વારા આ શોની બીજી સિઝન ૨૦૨૬માં લવાય તેવી વિચારણા છે. સ્પિન ઓફ સિરીઝ પણ પ્રોડ્યુસર્સને ખાસ પસંદ આવી નથી, જેના કારણે સ્પિન ઓફનું શૂટિંગ અટકાવી દેવાયું છે. સ્પિન ઓફને આગળ ધપાવવી કે નહીં તે અંગે નિર્ણય લેતાં પહેલા 'સિટાડેલ ૨'ની રિલીઝ સુધી રાહ જોવામાં આવશે. સ્પિન ઓફ સિરીઝમાં જોખમ જણાય તો તેને પડતી મૂકવા માટે પણ શોના મેકર્સ તૈયાર છે. 'સિટાડેલ'ની પહેલી સિઝનમાં પ્રિયંકા સાથે રિચાર્ડ મેડ્ડનનો લીડ રોલ હતો. ૬ એપિસોડની પહેલી સિઝનને અત્યાર સુધીની સૌથી મોંઘી સિરીઝ માનવામાં આવે છે. પહેલી સિઝન ૨૮ એપ્રિલ, ૨૦૨૩ના રોજ રિલીઝ થઈ હતી. તેમાં સ્ટેનલી ટુસ્સી, લેસલે મેનવિલ, એશલે કમિંગ્સ, રોનાલ્ડ મોલર અને રાહુલ કોહલી પણ મહત્ત્વના રોલમાં હતા. બે એજન્ટ મેસન કેન (રિચાર્ડ) અને નાદિયા સિંહ (પ્રિયંકા)ની ફરતે સમગ્ર સ્ટોરી હતી. ગ્લોબલ સ્પાય એજન્સી સિટાડેલના પતન પછી તેઓ પોતાના યાદશક્તિ ગુમાવી ચૂક્યા છે અને પાછલા જીવનની કોઈ ઘટના તેમને યાદ નથી. પહેલી સીઝનની સફળતા બાદ 'સિટાડેલ ૨'નું શૂટિંગ શરૂ કરવામાં આવ્યુ હતું, જે નવેમ્બર મહિનામાં પૂરું થયું હતું. 'સિટાડેલ'ના કેટલાક સ્પિન ઓફ શો પણ અંગ્રેજી સિવાયની ભાષા માટે જાહેર થયા હતા. તેને ભારત, સ્પેન, મેક્સિકો અને ઈટાલીમાં રિલીઝ કરવાનું આયોજન હતું. ઈટાલિયન સિરીઝ 'સિટાડેલઃ ડાયેના' ઓક્ટોબર, ૨૦૨૪માં રિલીઝ થઈ હતી. ભારતમાં 'સિટાડેલઃ હનીબની' નવેમ્બર, ૨૦૨૪માં રિલીઝ થઈ હતી.

**ભૂમિ પેડનેકરએ ઇન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ વિતાવ્યાં**

# આપણી પાસે ખરા માર્ગદર્શકો નથી, પરંતુ એજન્ટ અને એજન્સીઝ છેઃ ભૂમિ પેડનેકર


ભૂમિએ ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ વિતાવી દીધાં છે, તેની આ સફર પર નજર નાખતાં તેણે કબુલ્યું કે તેને જે પણ તકો મળી તે બદલ તે તક આપનારાં દરેકની ઋણી છે. છતાં જો આ સફરમાં તેને કોઈ માર્ગદર્શક મળ્યું હોત તો તેની ઘણી મદદ થી હોત. આ અંગે ભૂમિએ કહ્યું, "કાશ મને કોઈએ સમજાવ્યું હોત કે આ પ્રકારની તકો હોય જેના માટે હું ઋણી રહી શકું. ખાસ કરીને જે લોકો ઈન્ડસ્ટ્રીના પરિવારોમાંથી ન આવતા હોય એમના માટે આપણા તંત્રમાં જે ખૂટે છે, તે છે માર્ગદર્શન. આપણી પાસે ખરા માર્ગદર્શકો નથી. આપણી પાસે એજન્ટ અને એજન્સીઝ છે, પણ એ કોઈ માર્ગદર્શન આપતી નથી. જે લોકો આ માહોલમાંથી આવે છે એ ઘણા તૈયારી સાથે આવે છે - એમને શું સારું, ખરાબ કે ગંદું એ ખબર છે. એના વિના તમે બહુ આસાનીથી ખોવાઈ જશો."ભૂમિ પેડનેકરની ગણતરી આજે એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ તરીકે થાય છે. પરંતુ એક વખતે તેને ફિલ્મ સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવાઈ હતી. આ અનુભવ વિશે ભૂમિએ જણાવ્યું, "એ વખતે હું માત્ર ૧૯ વર્ષની હતી, પણ હું માનું છું કે સસ્પેન્ડ થવું એ મારા જીવનની શ્રેષ્ઠ ઘટના હતી. જેવી હું ત્યાંથી બહાર નીકળી કે મેં બધાને મારા સીવી મોકલવાના શરૂ કરી દીધા અને એક્ટિંગ સ્કૂલના મારા મિત્રોને મને પ્રોડક્શન હાઉસ સાથે સંપર્ક કરવામાં મદદ કરવા કહેવા લાગી. ભૂમિ પેડનેકરની ગણતરી આજે એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ તરીકે થાય છે, પરંતુ એક વખતે તેને ફિલ્મ સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવાઈ હતી એ રીતે હું પહેલાં બારણે પહોંચી અને ઈન્ડસ્ટ્રીના દ્વારા ખુલ્યાં."ભૂમિએ આગળ કહ્યું, "મારે બસ માથું નીચું કરીને મહેનત જ કરવી છે. મને નથી લાગતું કે હું હવે સફળ થઈ ગઈ છું. મને હંમેશા મેં જે પણ કમાયું છે તે બધું ગુમાવી દેવાનો ડર લાગે છે, તેથી હું બને તેટલું વિનમ્ર રહેવા પ્રયત્ન કરું છું." ભૂમિ પેડનેકરની ગણતરી આજે એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ તરીકે થાય છે, પરંતુ એક વખતે તેને ફિલ્મ સ્કૂલમાંથી સસ્પેન્ડ કરી દેવાઈ હતી આત્મવિશ્વાસ ગુમાવી દેવા અંગે ભૂમિ કહે છે, "હું જીવનમાં એક અંગતને ગુમાવવાના તબક્કામાંથી પસાર થઈ રહી હતી, ત્યારે મને જવાબદારી સમજાઈ છે. મારા પિતાના અવસાન પછી હું એક એવા તબક્કામાં હતી કે મેં આત્મવિશ્વાસ ગુમાવી દીધો હતો અને મને લાગતું હતું કે હું બીજી હિરોઈન જેવી નથી દેખાતી તેથી હું એક્ટ્રેસ ન બની શકું. ત્યારે મેં ડિરેક્ટર કે પ્રોડ્યુસર બનવાનો પણ વિચાર કર્યો હતો. તેથી મેં શાનૂ શર્મા સાથે કામ કરવાનું શરી કર્યુ અને મેં મારી જાતને કહેલું કે હું એટલું સારું કામ કરીશ કે એક દિવસ એ લોકો મને એક્ટિંગ કરવાનું કહેશે અને એવું જ થયું."



**ભૂમિની ગણતરી આજે એક મલ્ટી ટેલેન્ટેડ એક્ટ્રેસ તરીકે થાય છે**

# બોલિવૂડની હોરર ફિલ્મ 'બી ગ્રેડ'ની અને માન ગુમાવ્યુ : વિશાલ ફુરિયા

નુશરત બરુચા અને સોહા અલી ખાનની ફિલ્મ 'છોરી ૨'નું ટીઝર થોડાં દિવસો પહેલાં લોંચ થયું છે. ત્યારથી આ ફિલ્મ ચર્ચામાં છે. ટીઝર પરથી આ ફિલ્મ અતિ ડરામણી અને જકડી રાખે તેવી હોય એવું લાગે છે, તેનાથી દર્શકોની હોરર ફિલ્મ માટે અપેક્ષાઓ પણ ખુબ વધી ગઈ છે. ત્યારે આ ફિલ્મના ડિરેક્ટર વિશાલ ફુરિયાએ બોલિવૂડમાં હોરર ફિલ્મના ટ્રેન્ડ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આજે બોલિવૂડની હોરર ફિલ્મ બી ગ્રેડની બની ગઈ છે તેથી હોરર ફિલ્મોએ માન ગુમાવ્યું છે. ત્યારે હવે કોઈએ તેની આધારભૂત અને ક્લાસિક સ્ટાઈલ પાછી લાવવાની જરૂર છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં વિશાલ ફુરિયાએ જણાવ્યું, "બોલિવૂડમાં હોરર ફિલ્મ મજાક બની રહી છે, તેણે પોતાનું માન ગુમાવી દીધું છે અને બી ગ્રેડની બની રહી છે." વિશાલ ફુરિયા 'છોરી ૨'માં રસપ્રદ વાર્તામાં હોરર ઉમેરીને સાથે ઈન્ડસ્ટ્રીનો દૃષ્ટિકોણ બદલવા માગે છે. તે આ પ્રકારની ફિલ્મને સોશિયલ હોરર ગણાવે છે, તે નબળાંને દબાવવું તેમજ તેમાં ડર પ્રસરાવીને સુપર નેચરલ તત્વોનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે. આ ટીઝરની



ટેગલાઈનમાં લખાયું કે 'વધુ એક વાર, એ જ ખેતર, એ જ ડર, એ જ ખૌફ..છોરી ૨ પ્રાઈમ પર, ૧૧ એપ્રિલે.' આ ફિલ્મના પહેલા ભાગના ઘણા વખાણ થયાં હતાં. વિશાલ ફુરિયા હવે સિક્વલમાં પણ એ જ પરંપરા જાળવી રાખવા માગે છે.

# નંદામુરી બાલાક્રિશ્નાની 'અખંડા ૨ અને થંડવમ'માં વિદ્યા બાલનની એન્ટ્રી થઈ

નાતાસિમ્હા નંદામુરી બાલાક્રિશ્ના હાલ તેની ફિલ્મ 'અખંડા ૨ -થંડવમ'માં વ્યસ્ત છે, આ ફિલ્મ બોયાપતિ શ્રીનુ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ અખંડાની સિક્વલ ફિલ્મ છે. હાલ પૂર ઝડપે તેના શૂટિંગનું કામ ચાલે છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે વિદ્યા બાલન આ ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળશે. એનટીઆરની બાયોપિક પછી બીજી વખત વિદ્યા નંદામુરી બાલાક્રિશ્ના સાથે કામ કરતી જોવા મળશે, આ અહેવાલો મુજબ વિદ્યા આ ફિલ્મમાં એક રાજનેતાના રોલમાં જોવા મળશે. એનટીઆરની બાયોપિક પછી બીજી વખત વિદ્યા નંદામુરી બાલાક્રિશ્ના સાથે કામ કરતી જોવા મળશે. તાજેતરમાં જ આ ફિલ્મનું મહત્વનું શૂટિંગ હૈદ્રાબાદમાં પૂરું થયું છે. હવે તેઓ આગળનું શૂટ હિમાલયના વિસ્તારોમાં કરવાના છે. તેના માટે ડિરેક્ટર શ્રીનુ અને તેમની ટીમ લોકેશનની શોધમાં છે. ત્યાં કેટલાંક મહત્વના સીન શૂટ કરવામાં આવશે. તેમાં બાલાક્રિશ્નાના પાત્ર અખંડાના એક્શન સીન સહીતના શૂટિંગ થશે. આ પણ એક પૅન ઈન્ડિયા રિલીઝ હશે, જેમાં નંદામુરી બે અલગ અલગ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં સંયુક્તા મેનન અને પ્રગ્યા જયસ્વાલ પણ મહત્વના રોલમાં જોવા મળશે. સંજય દત્ત પણ આ ફિલ્મમાં કામ કરી રહ્યો છે, તેની સાથે આધિ પિનિસેટ્ટી મહત્વના અને નેગેટીવ રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૨૫ સપ્ટેમ્બરે રિલીઝ થશે, જે દર્શકો માટે દશેરાની ગિફ્ટ હશે. થમન આ ફિલ્મનું મ્યુઝિક કમ્પોઝ કરી રહ્યા છે.





**મને વ્હાઇટ-બ્લેક કલરનાં કપડાં બહુ ગમે છે, મને ફોલો કરતાં લોકો એ વાત જાણે છે**

# હું હંમેશા મારી જાત સાથે સાચી રહેવા કોશિષ કરું છું : સુતરિયા

તારા સુતરિયાએ ટીનેજમાં જ એક્ટિંગ કૅરિઅર શરૂ કરી દીધી હતી. પરંતુ તેણે પોતાના નિર્ણયો અને ફિલ્મની પસંદગીમાં હંમેશા કાળજી રાખી છે. ત્યારે તેણે આજના સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા યુવાનો માટે સલાહ આપી છે. તેણે કહ્યું કે સોશિયલ મીડિયાને હવાલે થવું એ વ્યક્તિગત પસંદગીની વાત છે.લેકમે ફેશન વીક દરમિયાન તારા સુતરિયાએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું, "હું નસીબદાર છું કે મારા પરિવારમાં મારી પાસે મને સૌથી વધુ વિનમ્ર રાખે એવી સપોર્ટ સીસ્ટમ છે. ત્યાં સ્ટાર જેવાં વર્તનનો કોઈ અવકાશ જ નથી. સોશિયલ મીડિયા પર બધો સમય વિતાવી દેવો સહેલો છે, પરંતુ હું હંમેશા મારી જાત સાથે સાચી રહેવાનો પ્રયત્ન કરું છું." તારાએ કહ્યું કે સોશિયલ મીડિયા પર કેટલો સમય વિતાવવો એ વ્યક્તિગત પસંદગીની વાત છે. તારાએ આગળ કહ્યું,"મેં એવું થવાથી દૂર રહેવા પ્રયત્ન કર્યો છે અને હું એમાં ખુશ પણ છું. જે યુવાન અને કોઈની પણ અસરમાં આવી જાય એવા લોકો હોય એમણે યુવાન વયમાં દરેક સમય ફોન પર

**સોશિયલ મીડિયાના વહેણમાં તણાઇ ન જાઓ તેવા પ્રયત્ન કરો**

અને સોશિયલ મીડિયા પર ઉપલબ્ધ રહેવાનું કે એ પ્રકારનું કન્ટેન્ટ બનાવવું ગમે, તો બહુ કાળજી રાખો, સોશિયલ મીડિયા તમને તાણી ન જાય તેનું ધ્યાન રાખો કારણ એવું બને તેની પુરી શક્યતા છે પણ એવું ન થાય એનું ધ્યાન રાખો."તારાએ ઓનલાઈન શોપિંગ અંગે કહ્યું, "હું ઓનલાઈન ઘણી શોપિંગ કરું છું. તો તમે જે બ્રાન્ડની વસ્તુઓ ઓનલાઈન ખરીદતા હોય તે ભારતમાં ઉપલ્ધ થાય તે ખાસ વાત છે. મને વ્હાઈટ અને બ્લેક કલરનાં કપડાં બહુ ગમે છે, મને ફોલો કરતાં લોકો એ વાત જાણે છે. મને ફેશમ ગમે છે અને મને સ્ટાઈલિંગ પ્રત્યે પ્રેમ છે. મારા માટે મને જે સૂટ થાય, મારા બોડી ટાઈપ પર જે શોભે તેનાથી મને બહુ આનંદ આવે છે. પછી તે કોઈ લહેંગા હોય, સાડી હોય કે ગાઉન મને એ પહેરવું ગમે છે. તે કોઈ ટીશર્ટ કે જીન્સ હોય તો પણ ચાલે."

**આહાર શિસ્તબદ્ધ છે પણ પ્રતિબંધિત નથી**

# વીસ વર્ષથી મેં ગરમ જ પાણી પીધુંઃ અભિનેત્રી ગૌતમી કપૂર

ગૌતમી કપૂરે ૫૦ વર્ષની ઉંમરે ટોન બોડી માટે ડાયેટ અને ફિટનેસના રહસ્યો જાહેર કર્યા હતા અને કહ્યું કે ૨૦ વર્ષથી હું ગરમ પાણી પીઉ છુ. દૂધ, દહીં નહીં, ફક્ત ગરમ પાણી અને કાળી કોફી પણ નહીં.ગૌતમી કપૂરની ફિટનેસ રૂટિનમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગ, પિલેટ્સ અને કાર્ડિયોનો સમાવેશ થાય છે. તેના ડાયેટની વાત કરીએ તો, તે બધું જ સંયમિત રીતે ખાય છે - તળેલા ખોરાકથી લઈને ઘી સુધી બધું જ નિયંત્રિત. અભિનેત્રી ગૌતમી કપૂરે એક મુલાકાતમાં, તેના ડાયેટ, વર્કઆઉટ અને જીવનશૈલી વિશે સમજ શેર કરી. તેણીએ શેર કર્યું કે તેના વર્કઆઉટમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગ, પિલેટ્સ અને ઝુમ્બા અથવા ટ્રેડમિલ વૉકિંગ જેવા કેટલાક કાર્ડિયોનો સમાવેશ થાય છે. ગૌતમી કપૂરે એ પણ ખુલાસો કર્યો કે તેણી શરૂઆતમાં દોડવા અને એરોબિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી - પરંતુ પછીથી ખ્યાલ આવ્યો કે તે ઓવરટ્રેનિંગ કરી રહી હતી. રસપ્રદ વાત એ છે કે, ૫૦ વર્ષની ગૌતમીએ એમ પણ કહ્યું કે તેણીએ 'જીમ સામાન્ય થયાના ઘણા સમય પહેલા, ૧૫ વર્ષની ઉંમરે કસરત શરૂ કરી હતી'.'યોગ્ય માર્ગદર્શન વિના અતિશય કાર્ડિયો અને આત્યંતિક આહાર' વર્ષો પછી, અભિનેત્રીએ કહ્યું કે તે હવે તેના શરીરની વાત સાંભળે છેઃ "હું મારા વર્કઆઉટ્સ સાથે સુસંગત છું પણ હું મારી જાતને બિનજરૂરી રીતે દબાણ કરતી નથી. ઉંમર અને પેરીમેનોપોઝ સાથે, મારા શરીરની જરૂરિયાતના આધારે વર્કઆઉટ્સ ગોઠવવામાં આવે છે. મારે કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી. જ્યારે હું જીમમાં જાઉં છું ત્યારે તે મારા માટે તણાવ દૂર કરે છે. જ્યારે હું બહાર આવું છું, ત્યારે હું ખૂબ શાંત અનુભવું છું. જીમ કે કસરતો મારી પવિત્રતા છે... કારણ કે હું કુદરતી રીતે દુર્બળ છું, તેથી વધુ પડતું કાર્ડિયો મને ખૂબ પાતળું બનાવે છે.ગૌતમી બધું જ ખાય છે, પણ નિશ્ચિત ભોજન સમયે; બદામ, બીજ અથવા ઘરે બનાવેલા પ્રોટીન બાર સિવાય વધુ નાસ્તો કરતી નથી. સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે તેણે ડેરી ઉત્પાદનો પણ છોડી દીધા છે. પોતાના આહાર વિશે સમજાવતા, અભિનેત્રીએ કહ્યું, "લોકો ધારે છે કે હું તળેલા ખોરાક, ઘી અથવા માખણ ટાળું છું, પરંતુ હું બધું જ ખાઉં છું. મારું ભોજન નિશ્ચિત છે - હું સવારે ૧૧:૩૦ વાગ્યે ખાઉં છું, અને મારું છેલ્લું ભોજન સવારે ૬:૩૦ વાગ્યે છે. હું નસીબદાર છું કે મને મીઠાઈ નથી ગમતી. દૂધ અને દહીંથી મને અસ્વસ્થતા થતી હતી, તેથી મેં સંપૂર્ણપણે બંધ કરી દીધું. મેં બદામના દૂધ પર પણ સ્વિચ કર્યું નથી. હું દિવસમાં બે વાર બ્લેક કોફી પીઉં છું. ૨૦ વર્ષથી, મેં ફક્ત ગરમ પાણી પીધું છે. કોઈ ઠંડુ કે ઓરડાના તાપમાને પાણી નહીં - દિવસભર ફક્ત સાદું ગરમ પાણી. તેણીએ ઉમેર્યું કે તે 'સાદા મહારાષ્ટ્રીયન પરિવારમાંથી' આવે છે.



**લાપતા લેડીઝ** | **આ ફિલ્મ ૨૦૧૯ ની અરબી ફિલ્મ 'બુરકા સિટી' માંથી તેની સામગ્રી ચોરીને બનાવી છે**

# અરબી ફિલ્મની નકલ હોવાનો આરોપ લાગ્યો

ગૌતમી કપૂરે ૫૦ વર્ષની ઉંમરે ટોન બોડી માટે ડાયેટ અને ફિટનેસના રહસ્યો જાહેર કર્યા હતા અને કહ્યું કે ૨૦ વર્ષથી હું ગરમ પાણી પીઉ છુ. દૂધ, દહીં નહીં, ફક્ત ગરમ પાણી અને કાળી કોફી પણ નહીં.ગૌતમી કપૂરની ફિટનેસ રૂટિનમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગ, પિલેટ્સ અને કાર્ડિયોનો સમાવેશ થાય છે. તેના ડાયેટની વાત કરીએ તો, તે બધું જ સંયમિત રીતે ખાય છે - તળેલા ખોરાકથી લઈને ઘી સુધી બધું જ નિયંત્રિત.અભિનેત્રી ગૌતમી કપૂરે એક મુલાકાતમાં, તેના ડાયેટ, વર્કઆઉટ અને જીવનશૈલી વિશે સમજ શેર કરી. તેણીએ શેર કર્યું કે તેના વર્કઆઉટમાં સ્ટ્રેન્થ ટ્રેનિંગ, પિલેટ્સ અને ઝુમ્બા અથવા ટ્રેડમિલ વૉકિંગ જેવા કેટલાક કાર્ડિયોનો સમાવેશ થાય છે. ગૌતમી કપૂરે એ પણ ખુલાસો કર્યો કે તેણી શરૂઆતમાં દોડવા અને



એરોબિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરતી હતી - પરંતુ પછીથી ખ્યાલ આવ્યો કે તે ઓવરટ્રેનિંગ કરી રહી હતી. રસપ્રદ વાત એ છે કે, ૫૦ વર્ષની ગૌતમીએ એમ પણ કહ્યું કે તેણીએ 'જીમ સામાન્ય થયાના ઘણા સમય પહેલા, ૧૫ વર્ષની ઉંમરે કસરત શરૂ કરી હતી'.'યોગ્ય માર્ગદર્શન વિના અતિશય કાર્ડિયો અને આત્યંતિક આહાર' વર્ષો પછી, અભિનેત્રીએ કહ્યું કે તે હવે તેના શરીરની વાત સાંભળે છેઃ "હું મારા વર્કઆઉટ્સ સાથે સુસંગત છું પણ હું મારી જાતને બિનજરૂરી રીતે દબાણ કરતી નથી. ઉંમર અને પેરીમેનોપોઝ સાથે, મારા શરીરની જરૂરિયાતના આધારે વર્કઆઉટ્સ ગોઠવવામાં આવે છે. મારે કોઈને કંઈ સાબિત કરવાની જરૂર નથી. જ્યારે હું જીમમાં જાઉં છું ત્યારે તે મારા માટે તણાવ દૂર કરે છે. જ્યારે હું બહાર આવું છું, ત્યારે હું ખૂબ શાંત અનુભવું છું. જીમ કે કસરતો મારી પવિત્રતા છે... કારણ કે હું કુદરતી રીતે દુર્બળ છું, તેથી વધુ પડતું કાર્ડિયો મને ખૂબ પાતળું બનાવે છે.ગૌતમી બધું જ ખાય છે, પણ નિશ્ચિત ભોજન સમયે; બદામ, બીજ અથવા ઘરે બનાવેલા પ્રોટીન બાર સિવાય વધુ નાસ્તો કરતી નથી. સ્વાસ્થ્ય સમસ્યાઓને કારણે તેણે ડેરી ઉત્પાદનો પણ છોડી દીધા છે. પોતાના આહાર વિશે સમજાવતા, અભિનેત્રીએ કહ્યું, "લોકો ધારે છે કે હું તળેલા ખોરાક, ઘી અથવા માખણ ટાળું છું.

# બોરસદનાં યુવા ચિત્રકાર પહોંચ્યા waves કોમિક્સની સેમી-ફાઇનલમાં



। (માહિતી) આણંદ, તા.૩ ।

૧થી ૪ મે, ૨૦૨૫ દરમિયાન મુંબઈના જિયો વર્લ્ડ સેન્ટર ખાતે યોજાનારી વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ (WAVES)ના ભાગરૂપે ૩૨ જેટલી ક્રિએટ ઈન ઈન્ડિયા ચેલેન્જ (સીઆઈસી) શરૂ કરવામાં આવી છે. જેમાં સીઝન-૧એ ૧,૧૦૦ આંતરરાષ્ટ્રીય સહભાગીઓ સહિત ૮૫,૦૦૦ રજિસ્ટ્રેશનને પાર કરવાની નવી સિદ્ધિ પણ હાંસલ કરી છે. આ ૩૨ વિવિધ પડકારોમાંથી પસંદગી પ્રક્રિયા બાદ પસંદ કરાયેલા ૭૫૦થી વધુ ફાઈનલિસ્ટને તેમના વ્યક્તિગત પડકારો, તેમની પ્રતિભા અને કુશળતાના પરિણામ અને આઉટપુટને પ્રદર્શિત કરવાની અનન્ય તક મળશે, આ ઉપરાંત પિચિંગ સેશન સહિત તેમના સંબંધિત ક્ષેત્રના બિઝનેસ લીડર્સ સાથે નેટવર્કિંગની તકો અને માસ્ટરક્લાસ, પેનલ ડિસ્કશન, પરિષદો વગેરે દ્વારા વૈશ્વિક દિગ્ગજો પાસેથી શીખવાની તક મળશે.

આ ૩૨ પડકારોમાંથી એક એવી કોમિક્સ ક્રીએટર ચેમ્પિયનશિપમાં બોરસદ તાલુકાના કાવીઠા ગામમાં ભગાભાઈનાં ફળિયામાં રહેતા યુવા ચિત્રકાર તેજસભાઈ ગિરીશભાઈ પટેલ સેમી – ફાઈનલ સુધી પહોંચ્યા હતા. આ સ્પર્ધા ત્રણ મહિના સુધી ચાલી હતી. જેમાં કુલ ત્રણ રાઉન્ડમાં પ્રથમ અને બીજા રાઉન્ડમાં ૩ પૃષ્ઠ અને ત્રીજા રાઉન્ડમાં ૪ પૃષ્ઠની પોતાની કલ્પનાનાં કોમિક્સ પાત્ર ડિઝાઈન કરવાનું હતું. જે અંગે તેજસભાઈએ જણાવ્યું હતું કે, કોમિકની વિઝ્યુઅલ આર્ટ શૈલી મેં મારી જાતે વિકસાવવાની કોશિશ કરી છે. તે સંપૂર્ણપણે હેન્ડમેડ છે, જેમાં માત્ર બ્લેક પેન અને પેપરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાની નાની વિગતો પેન દ્વારા ઉમેરવામાં આવી છે અને દરેક પૃષ્ઠને એક પેઈન્ટિંગ જેવી અસર આપવાનો પ્રયાસ કર્યો છે. આ કોમિકના સંવાદ હિન્દીમાં ભાષામાં લખાયા છે. આ કોમિક તૈયાર કરવા અંગે તેમણે કહ્યું કે, "મારી પ્રેરણા બાળપણમાં જોયેલા કાર્ટૂન, ટાઈમ ટ્રાવેલ મૂવીઝ અને બ્રહ્માંડ સંબંધિત છબીઓમાંથી લેવામાં આવી છે. આ પ્રયોગોના માધ્યમથી, મેં મારી પોતાની દશ્યકળાની અનન્ય શૈલી શોધવાની પ્રક્રિયા શરૂ કરી છે અને આજ સુધી એક વિઝ્યુઅલ આર્ટિસ્ટ તરીકે તેને વિકસાવતો રહ્યો છું." કોમિકના પાત્રલેખન વિષે તેજસભાઈએ કહ્યું હતું કે, આ કોમિકમાં મુખ્ય પાત્ર પ્રોફેસર પિક વિન છે, જે મારાં પોતાની ભાવનાઓ, વિચારધારા અને ટાઈમ ટ્રાવેલ તથા બ્રહ્માંડ પ્રત્યેની રસપ્રક્રિયાને વ્યક્ત કરે છે. એક દ્રશ્યમાં, જ્યારે ભવિષ્યમાં મદદની જરૂર હોય છે, ત્યારે પ્રોફેસર પિક વિન ભૂતકાળના પિક વિન ને પૂછે છે— "શું તું મારી મદદ કરીશ?" અહીં મેં મારી વિચારધારા રજૂ કરી છે કે, "તમે જાતે જ તમારી મદદ કરી શકો છો."

Waves અંગે તેમણે કહ્યું હતું કે, જે મારાં આર્ટવર્કને ખુલીને રજૂ કરવાની મંજૂરી આપે તેવી તકોથી વંચિત ન રહી જાઉં એ માટે પ્રયત્નશીલ રહું છું. તેથી જ મેં વેવ્સની આ કોમિક સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેના વિષે મને સોશિયલ મીડિયા એપ્લિકેશન દ્વારા જાણકારી મળી હતી. આ ચેમ્પીયનશીપમાં ભાગ લઈ મેં મારા શોખ અને કારકિર્દીને આગળ લઈ જવાનો પ્રયત્ન કર્યો છે. આ ચેલેન્જમાં ત્રણ રાઉન્ડમાંથી મારી કોમિક ટોચના ૩૦ વ્યાવસાયિક આર્ટિસ્ટ્સમાં પસંદ થઈ એનો મને આનંદ છે.

# ગુજરાત સરકાર દ્વારા પરિક્રમાર્થીઓને માટે "તમારી આસ્થા અમારી વ્યવસ્થા" ને સફળ બનાવ્યુ છે : અંકલેશ્વરના દિવ્યકાંત પરમાર



। (માહિતી) વડોદરા, તા.૩ ।

નાંદોદ તાલુકાના રામપુરાથી તિલકવાડા ઘાટ વચ્ચે વહેતી ઉત્તરવાહિની માં નર્મદાની પંચકોશી પરિક્રમા અર્થે મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પરિક્રમાર્થીઓ આવી રહ્યા છે. અંકલેશ્વરના દિવ્યકાંત પરમારે જણાવ્યુ કે, ગુજરાત સરકાર દ્વારા પરિક્રમાર્થીઓ માટે "તમારી આસ્થા અમારી વ્યવસ્થા" ને સફળ બનાવ્યુ છે. ડોમની અંદર પંખા, ખુરશી, કુલરની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવામાં આવી છે. તબીબી સારવારની સુવિધા, બોટની મુસાફરી દરમિયાન સુરક્ષા માટે લાઈફ જેકેટની સુવિધા કરાઈ છે.

દિવસ દરમિયાન તડકાને ધ્યાને લઈને ખૂબ જ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. તે બદલ હુ સરકારશ્રીનો આભાર માનુ છું. રાજકોટના પરિક્રમાર્થી શ્રી સ્મિત રોયાએ શ્રદ્ધાળુઓ માટે નર્મદાના ચારેય ઘાટ અને પરિક્રમા રૂટ પર ઉભી કરાયેલી સુવિધાઓથી આનંદ સાથે સંતોષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યુ કે મારી સાથે ભરૂચ-અંકેલેશ્વરથી પરિક્રમાર્થીઓ આવ્યા છે. અમે રામપુરાથી પદયાત્રા શરૂઆત કરી હતી ત્યારે જિલ્લા વહિવટી તંત્ર દ્વારા રહેવાની, રસ્તામાં સ્ટોલ, લીંબુ શરબતથી માંડીને ઠંડા પાણીની વ્યવસ્થા, ચા-નાસ્તો અને જમવાની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામા આવી છે. પરિક્રમા પૂર્ણ કર્યાબાદ બેસવા માટે ડોમ તૈયાર કરાયો છે જેમાં ખુરશીઓ મુકવામાં આવી છે. જ્યાં પરિક્રમાર્થીઓ વિરામ કરી શકે છે.

# સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ હેઠળ વડોદરા જિલ્લામાં પ્લાસ્ટીક વેસ્ટ કલેક્શન અભિયાન

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત વડોદરા જિલ્લાના ગામોમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાના માર્ગદર્શન હેઠળ પ્લાસ્ટીક વેસ્ટ કલેક્શન અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત જિલ્લાના વિવિધ ગામડાઓમાં વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો ચાલી રહ્યા છે. પ્લાસ્ટીક વેસ્ટ કલેક્શન અભિયાન અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ બેઠકોનું આયોજન કરી ઘયાજ,ઈટોલા,અને પીંગલવાડા સહિત વિવિધ ગામોમાં સિંગલ યુઝ પ્લાસ્ટીકના નહીવત વપરાશ અંગે ગ્રામજનોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ યોજના હેઠળ સાવલી તાલુકાના તુલસીપુરા ગામમાં ફાળવવામાં આવેલ કચરા કલેક્શનના વાહનમાં ભીનો અને સુકો કચરો ખાસ કરીને પ્લાસ્ટીક વેસ્ટને અલગ અલગ આપવા વિશે ગ્રામજનોને સમજૂત કરવામાં આવ્યા હતા.

# આઈ.ટી.આઈ દશરથ ખાતે ટાટા સ્ટ્રાઈવ દ્વારા ૭૭ તાલીમાર્થીઓને રોજગારલક્ષી તાલીમી ટુલ કીટનું વિતરણ



। (માહિતી) વડોદરા, તા.૩ ।

આઈ.ટી.આઈ દશરથ ખાતે ટાટા સ્ટ્રાઈવ દ્વારા crompton csr અંતર્ગત આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિશિયનના કોર્સની તાલીમ મેળવેલ કુલ ૭૭ તાલીમાર્થીઓને રોજગારલક્ષી તાલીમી ટુલ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટાટા સ્ટ્રાઈવના સેન્ટર હેડ જુબેર સૈયદ, ટાટા સ્ટ્રાઈવના ટ્રેનર, સંસ્થાના આચાર્ય વર્ગ ૧ શ્રી એસ. એસ.મકવાણા, શ્રીમતી એન.સી ગોહિલ તથા અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત રાજયકક્ષા સ્પોર્ટ કલાઈમ્બીંગ સ્પર્ધા યોજાઈ




। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની સ્વાયત્ત સંસ્થા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે ખેલ મહાકુંભ ૩.૦ યોજાઈ રહ્યો છે.

જિલ્લા રમત વિકાસ અધિકારી અમદાવાદ અને જિલ્લા રમતગમત અધિકારી, અમદાવાદ શહેરની કચેરી દ્વારા ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત અમદાવાદના નિકોલ રમત સંકુલ ખાતે ખેલ મહાકુંભ ૩.૦ રાજયકક્ષા સ્પોર્ટ કલાઈમ્બીંગ સ્પર્ધા યોજાઈ હતી. ભાઈઓ-બહેનો માટે અં-૧૪, અં-૧૭ અને ઓપન એજ વયજૂથમાં યોજાયેલી સ્પર્ધામાં ગુજરાત રાજયના વિવિધ જિલ્લાઓમાંથી ખેલાડીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના પરિણામોમાં અં-૧૪ વયજૂથ ભાઈઓ-બહેનોમાં ૫ ગોલ્ડ મેડલ સાથે અમદાવાદ મહાનગરપાલિકા, અં-૧૭ વયજૂથ ભાઈઓ-બહેનોમાં ૪ ગોલ્ડ મેડલ સાથે રાજકોટ ગ્રામ્ય તથા ઓપન વયજૂથ ભાઈઓમાં ૨ ગોલ્ડ મેડલ સાથે જામનગર મહાનગરપાલિકા અને બહેનોમાં ૨ ગોલ્ડ મેડલ સાથે અમદાવાદ ગ્રામ્ય ઓવરઓલ મેડલ સાથે વિજેતા થયા હતા. વિજેતા થયેલા ખેલાડીઓને રાજય સરકાર દ્વારા મેડલ તેમજ પ્રોત્સાહનરૂપે વ્યક્તિગત ઈવેન્ટમાં પ્રથમ દ્વીતીય અને તૃતીય વિજેતા ખેલાડીને અનુક્રમે રૂ.૧૦,૦૦૦/, રૂ.૭,૦૦૦/- અને રૂ.૫,૦૦૦/- જેવી ઈનામી રકમ આપીને ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઝાલોદ કેળવણી મંડળ કારોબારીની ચૂંટણી અંગે જાહેરાત કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

ઝાલોદ નગરમાં કેળવણી મંડળ સંચાલિત સ્કૂલો આવેલ છે. કેળવણી મંડળ એ નગરની સહુથી મોટી શૈક્ષણિક સંસ્થા છે જેના કાર્ય ક્ષેત્રમા ઘણી બધી સ્કૂલો આવેલ છે. ઝાલોદ કેળવણી મંડળના બંધારણ મુજબ બાર સભ્યોની કારોબારી હોય છે અને દરેક સભ્યોના સેવાનો કાર્યકાળ ત્રણ વર્ષનો હોય છે. દર વર્ષે બંધારણ મુજબ જેમનો ત્રણ વર્ષનો કાર્યકાળ પૂરો થતો હોય તેઓ ફારેગ થતાં હોય છે.

૨૦૨૫-૨૬ ના વર્ષ માટે ત્રણ સભ્યો ફારેગ થતાં કેળવણી મંડળ દ્વારા નવા સભ્યો લેવા માટે જાહેરાત મુકવામાં આવેલ છે. જે વ્યક્તિઓ કેળવણી મંડળમાં સેવા કરવા ઈચ્છતા હોય તેઓ ૦૭-૦૪-૨૦૨૫ સોમવારથી ૦૯-૦૪-૨૦૨૫ બુધવાર સુધી સવારે ૧૧ વાગ્યા સુધી કેળવણી મંડળની ઓફિસ માંથી ફોર્મ મેળવી શકે છે. બંધારણ મુજબ ફોર્મ ચકાસણીની તારીખ ૧૨-૦૪-૨૦૨૫ શનિવાર, ફોર્મ ખેંચવાની તારીખ ૧૬-૦૪-૨૦૨૫ બુધવાર, ચૂંટણી તારીખ ૦૪-૦૫-૨૦૨૫ રવિવાર તેમજ મત ગણતરી ૦૪-૦૫-૨૦૨૫ બપોરે ૧૨:૩૦ કલાક બી.એમ.હાઈસ્કૂલ ખાતે થનાર છે.

# ઝાલોદ તાલુકા ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા ઝાલોદ-ગામડી રોડના નવનિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૩ ।

આજ રોજ તારીખ ૦૨-૦૪-૨૦૨૫ ના રોજ ઝાલોદ વિધાન સભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા દ્વારા નવનિર્માણ રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું ઝાલોદના ધારાસભ્ય મહેશ ભુરીયાએ ઝાલોદ-ગામડી રોડના નવનિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યું છે.

આ પ્રોજેક્ટ ૫.૭૧ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવશે. રસ્તાની કુલ લંબાઈ ૧૧.૨ કિલોમીટર છે. આ રસ્તાથી ઝાલોદ, થેરકા, ચિત્રોડીયા, જાફરપુરા, વગેલા, ગામડી અને ખાખરીયા ગામના લોકોને સીધો લાભ મળશે. આ રોડ બનતા ઝાલોદ તાલુકાના વાહન વ્યવહારની સુવિધાને ધ્યાને લઈને મહત્વપૂર્ણ પગલું લેવાયું

આ પ્રોજેક્ટ માટે સરકારે ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ ૯ કરોડની વહીવટી મંજૂરી આપી હતી. આદર્શ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આ કામ પૂર્ણ કરવામાં આવશે. પ્રોજેક્ટનું કામ ૨ એપ્રિલ ૨૦૨૫થી શરૂ થશે અને ૧ ઓક્ટોબર ૨૦૨૫. એટલે કે ૬ માસ માં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, તાલુકા-જિલ્લા પંચાયતના સભ્યો, સરપંચો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વીર નર્મદ યુનિવર્સિટી ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા POSH કાયદા અંગે તાલીમ શિબિર યોજાઈ

### વિવિધ ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી વિભાગોના પ્રતિનિધિઓને POSH કાયદાની સમજ અપાઈ




। (માહિતી) નર્મદ, તા.૩ ।

કાર્યસ્થળે મહિલા કર્મચારીઓ માટે સુરક્ષિત અને સન્માનપૂર્ણ વાતાવરણ જરૂરી છે. મહિલાકર્મીઓની ગરિમા જળવાઈ રહે અને ઉદ્યોગો, વ્યાપારી સંસ્થાઓ, જાહેર અને ખાનગી કચેરીઓમાં સહકર્મચારીઓમાં જાગૃત્તિ આવે એ માટે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ-સુરત, વીર નર્મદ દ.ગુ. યુનિવર્સિટી અને અપમૃત્યુ નિવારણ સહાય સંસ્થાના સંયુક્ત ઉપક્રમે નર્મદ યુનિ.ના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલમાં POSH કાયદા અંગે તાલીમ શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશ ગીતા ગોપીએ માર્ગદર્શન આપી POSH એક્ટ-૨૦૧૩ અંતર્ગત આંતરિક ફરિયાદ સમિતિ (ICC) ની રચના, તેની કાર્યપ્રણાલી વિષે સમજ આપી હતી. ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે સુરક્ષિત કાર્યસ્થળ સુનિશ્ચિત કરવા માટે સંસ્થાઓ અને કંપનીઓની જવાબદારી અંગે જણાવી વિવિધ ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી વિભાગોના પ્રતિનિધિઓને POSH કાયદાની વિસ્તૃત સમજ જાણકારી આપી હતી. સંસ્થાઓએ આંતરિક ફરિયાદ સમિતિ (ICC) ની રચના ફરજિયાત બનાવવી જોઈએ અને કાર્યસ્થળ પર મહિલાઓ માટે સુરક્ષિત વાતાવરણ ઊભું કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે VNSGUના કુલપતિ ડો.કે.એન. ચાવડા, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, પોલીસ વિભાગ, ઉદ્યોગ સંગઠનો, કોર્પોરેટ ક્ષેત્ર, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી અને ખાનગી ક્ષેત્રના વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતા. PoSH Act-2013 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી શું છે? કામના સ્થળે મહિલા યોગ્ય રીતે કામ કરી શકે અને કોઈપણ જાતની જાતીય સતામણીનો ભોગ ન બને તે માટે કામના સ્થળે મહિલાઓને થતી જાતીય સતામણી અટકાવવા માટે ૨૦૧૩૩માં કેન્દ્ર સરકાર દ્વારા 'કામના સ્થળે મહિલાઓની જાતીય સતામણી કાયદો અમલી બનાવ્યો હતો.

# ૯૬ મી ઐતિહાસિક "દાંડી યાત્રા"ની સાયક્લ રેલી વાંઝથી કસ્બાપાર વિદ્યાલય પહોંચી

। (માહિતી) અમદાવાદ, તા.૩ ।

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ૯૬ મી ઐતિહાસિક દાંડી યાત્રાના ભાગરૂપે સાબરમતી આશ્રમથી દાંડી સુધી આયોજીત સાયકલ રેલીમાં ૫૦ થી વધુ સાયકલિસ્ટો જોડાયા છે. આ સાયકલ યાત્રા વાંઝ યાત્રી નિવાસ થી શરૂ થઈ કસ્બાપાર વિદ્યાલય ખાતે આવી પહોચી હતી જયાં પુષ્પોના વરસાદ સાથે ભવ્ય સ્વાગત કરાયું હતું. સાયકલિસ્ટો નું મનોબળમાં વધારો થયો હતો. યાત્રી નિવાસ વાંઝ ખાતેના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ભારતીય સેનાના કર્નલ જે.નિસોંકો અને અતિથિ વિશેષ તરીકે વાંઝ ગામના સરપંચ હીનાબેન પરેશભાઈ પટેલ,ચોર્યાસી તાલુકાના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ કલ્પનાબેન પ્રિતેશભાઈ વાંઝવાલા, ભારતીય સેનાના સુબેદાર એસ.પાટીલ,સચિન હોમગાર્ડઝ ના ઓ.સી. થોમસ પઠાણે ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. તમારી આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. પારિવારિક મોરચે સ્વસ્થતા જણાય છે અને તમારી યોજનાઓમાં તેમના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખી શકો છો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમારા મિત્રો તથા સંબંધીઓને તમારી આર્થિક બાબતોનું સંચાલન ન સોંપતા, નહીંતર તમારૂં બજૅટ વેરવિખેર થઈ જશે. આજે તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે વ્યસ્તતા છતાં તમારું સ્વાસ્થ્ય સારૂં રહેશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરા પક્ષથી ધન લાભ થવા ની શક્યતા છે. આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે. પ્રેમી ને આજે તમારી કંઈક વાત ખોટી લાગી શકે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન લોકો નું ધ્યાન આકર્ષિત કરશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા? ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**સિંહ (મ,ટ) :**

આજે જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો અને દિવસને શ્રેષ્ઠ બનાવો. વ્યાવસાયમાં તમારી માસ્ટરીની કસોટી થશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે કશુંક રસપ્રદ વાચી માનસિક વ્યાયામ કરો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો-અન્યથા તમારે પછીથી પસ્તાવું પડશે.

**તુલા (ર,ત) :**

આજે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. આજના દિવસે તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. આજે મિત્રતામાં ભંગ પડવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ચોકસાઈ રાખો. કામના સ્થળે તમારી ભૂલોનો એકરાર તમારી તરફેણમાં જશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તાણની અવગણના કરતા નહીં. આજે તમને કોઈ અજાણ્યા સ્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. તમારા ગુસ્સાને અંકુશમાં રાખો તેને કારણે તમારા પ્રેમ પ્રકરણમાં તકલીફ સર્જાઈ શકે છે.

**મકર (ખ,જ) :**

આજે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. અણધાર્યો રોમેન્ટિક ઝુકાવ સાંજના સમયે તમારા મગજને ઘેરી વળશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ છે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. તમારા સમસ્ત પરિવાર માટે સમૃદ્ધિ લાવે તેવા પ્રૉજેક્ટની તમારે પસંદગી કરવી જોઈએ. આજે પ્રેમના અતિઆનંદમાં તમારાં સપનાં અને વાસ્તવિકતા એકમેકમાં ભળી જશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે મુશ્કેલીઓ પર નિવાસ કરવાની તથા તેને એનેકગણી વધારવાની તમારી ટેવ તમારા નૈતિક તંતુને નબળો પાડી શકે છે. જીવનસાથી જોડે પૈસા થી સંબંધિત મુદ્દા વિષે દલીલ થયી શકે છે. આજે તમે ફિજૂલખર્ચી વિષે પોતાના જીવન સાથી ને ભાષણ પણ આપી શકો છો. જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.

## ન્યૂઝ બ્રિફ

## પેટાચૂંટણી અંગેના તેલંગણાના CMના નિવેદનની સુપ્રીમ કોર્ટે ઝાટકણી કાઢી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

વિપક્ષ ભારત રાષ્ટ્રસમિતિ (બીઆરએસ) ધારાસભ્યો પક્ષપલટો કરે તો પણ પેટાચૂંટણી યોજવામાં આવશે નહીં તેવા તેલંગાણાના મુખ્યમંત્રી એ રેવંત રેડ્ડીના નિવેદનની આકરી ઝાટકણી કાઢતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો વિધાનસભામાં આવું કહેવામાં આવ્યું હોય તો તે બંધારણના ૧૦માં શિડ્યુલ્ડની મજાક છે. કોંગ્રેસમાં જોડાયેલા બીઆરએસના કેટલાંક ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા અંગેની એક અરજીની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે આ ટીપ્પણી કરી હતી. બંધારણનું ૧૦મું શિડ્યુલ્ડ પક્ષપલટો કરતા ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવા સંબંધિત છે. સીએમ રેડ્ડીએ ૨૬ માર્ચે વિધાનસભામાં કથિત રીતે કહ્યું હતું કે BRS સભ્યો પક્ષ બદલીને કોંગ્રેસમાં જોડાય તો પણ પેટાચૂંટણી નહીં થાય.કોંગ્રેસમાં જોડાયેલા કેટલાંક BRS ધારાસભ્યોને ગેરલાયક ઠેરવવાની અરજીઓ પર નિર્ણય લેવામાં સ્પીકરના વિલંબના મુદ્દાને ઉઠાવતી અરજીઓની સુપ્રીમ કોર્ટે સુનાવણી કરી રહી છે. બીઆરએસ નેતા પી કૌશિક રેડ્ડી વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સી એ સુંદરમે સીએમ રેડ્ડીના કથિત નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો. સ્પીકર વતી વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ સમક્ષનો કેસ વિધાનસભાની કાર્યવાહી સંબંધિત નથી. આ પછી જસ્ટિસ ગવઈએ જણાવ્યું હતું કે રામલીલા મેદાનમાં જે કહેવામાં આવ્યું તે ગૃહમાં બોલવામાં આવ્યું તેનાથી અલગ છે.

## લોકશાહીમાં વહીવટની જવાબદારી કાર્યપાલિકાની, કોર્ટની નહીં: ધનખડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

લોકશાહીમાં સરકાર સર્વોપરી છે અને તેમાં વહીવટ માત્ર કાર્યપાલિકા દ્વારા જ થવો જોઈએ નહીં કે અદાલતો દ્વારા, કારણ કે કાર્ય પાલિકા સંસદ અને તેમને ચૂંટનાર પ્રજા પ્રત્યે જવાબદાર હોય છે તેમ રાજ્યસભાના ચેરમેન જગદીપ ધનખડે જણાવ્યું હતું. રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન ડીએમકેના સભ્ય કનિમોઝી એનવીએન સોમુ દ્વારા નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)ના વિકેન્દ્રીકરણની કરાયેલા માગના સંદર્ભમાં તેમણે આ ટિપ્પણી કરી હતી. સોમુએ સવાલ કર્યો હતો કે, શા માટે સરકાર પરીક્ષાઓને તેની સંસ્થાઓમાં પ્રવેશ પૂરતી મર્યાદિત રાખી જ્યાં રાજ્યો દ્વારા બોર્ડ પરીક્ષાના માર્ક્સના આધારે પ્રવેશ અપાય છે ત્યાં તેનું વિકેન્દ્રીકરણ નથી કરતી. જેના જવાબમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કેન્દ્રીય પરીક્ષા પદ્ધતિનો બચાવ કરતાં જણાવ્યું હતું કે, આ પદ્ધતિ અગાઉની યુપીએ સરકાર દ્વારા શરૂ કરાઈ હતી. એટલું જ નહીં પરંતુ સુપ્રીમ કોર્ટે પણ આ મામલે નિર્દેશો આપ્યાં છે અને મેડિકલ પ્રવેશ પરીક્ષા સેન્ટ્રલાઈઝ્ડ છે. તેમણે કનિમોઝીને સવાલ કર્યો હતો કે, શા માટે તમે નીટ પરીક્ષાનું વિકેન્દ્રીકરણ કરી રાજ્યોને સત્તા આપવા માગો છો. યુપીએ સરકારે જ્યારે આ પદ્ધતિ શરૂ કરી ત્યારે તમે પણ તે સરકારનો ભાગ હતાં. આ તબક્કે ચેરમેન ધનખડે સવાલ કર્યો હતો કે શું સરકાર તેની કાર્યકારી સત્તાઓ અદાલત સાથે વહેંચી શકે? તેમણે જણાવ્યું હતું કે, લોકશાહીમાં વહીવટ માત્ર કાર્યપાલિકા દ્વારા જ કરી શકાય. કારણકે કાર્યપાલિકા સંસદ અને તેમને ચૂંટનાર પ્રજા પ્રત્યે જવાબદાર હોય છે.



બેંગકોક ખાતે ભારત અને થાઇલેન્ડ વચ્ચે સમજૂતી કરારના વિનિમયના સાક્ષી તરીકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને થાઇલેન્ડના વડાપ્રધાન પેટોંગટાર્ન શિનાવાત્રા હાજર રહ્યા હતા.

## MBBS વિદ્યાર્થીઓ પર દુર્ગમ વિસ્તારોમાં ફરજિયાત સેવાની શરત, સુપ્રીમે ટીકા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

ઓલ ઈન્ડિયા ક્વોટાના MBBS વિદ્યાર્થીઓ પાસેથી દુર્ગમ વિસ્તારોમાં સેવા આપવાના બોન્ડ લેવાની રાજ્યોની નીતિની આકરી ટીકા કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે રાજ્યો આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ સાથે ગુલામ મજૂર જેવો વ્યવહાર કરી શકે નહીં. ઉત્તરાખંડની ૨૦૦૯ની નીતિને ન્યાયી ઠેરવતા ઉત્તરાખંડ હાઈકોર્ટના ચુકાદા સામેની અરજીની સુનાવણી કરતાં સર્વોચ્ચ અદાલતે આ અવલોકન કર્યા હતા. રાજ્ય સરકારની આ નીતિ હેઠળ રાજ્યમાં મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતા ઓલ ઈન્ડિયા ક્વોટાના વિદ્યાર્થીઓ પાસેથી એક એવો બોન્ડ લેવામાં આવતો હતો કે તેઓએ સબસિડી ફીના બદલામાં પાંચ વર્ષ માટે દુર્ગમ વિસ્તારોમાં ફરજિયાત સેવા આપવી પડશે. ખંડપીઠે અવલોકન કર્યું હતું કે ઓલ ઈન્ડિયા ક્વોટામાં ક્વાલિફાઈ થનારા વિદ્યાર્થીઓ રાજ્ય ક્વોટા હેઠળ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ કરતાં ઊંચું મેરિટ ધરાવતા હોય છે.

### એશિયન શેરબજારમાં મચ્યો હડકંપ

## ટ્રમ્પે ભારત સહિત અનેક દેશો પર લાગુ કર્યો રેસિપ્રોકલ ટેરિફ

### ટ્રમ્પે લગાવેલા ટેરિફથી સૌથી વધુ અસર ફાર્મા સેક્ટર પર પડી શકે છે, આઈટી સેક્ટરને પણ અસર થઈ શકે છે

। (એજન્સી) વોશિંગ્ટનઃ , તા.૩ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત અનેક દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરી દીધો છે. રેસિપ્રોકલ ટેરિફની અસર આજે એશિયન શેરબજાર પર જોવા મળી હતી. મોટાભાગના માર્કેટમાં કડાકો બોલ્યો હતો. ભારતીય શેરબજારમાં પણ મોટો કડાકો બોલવાની શક્યતા છે.ટ્રમ્પ દ્વારા આજના દિવસને લિબ્રેશન ડે નામ આપવામાં આવ્યું છે. તેમણે જાહેરાત કરતા જણાવ્યું કે, નવા ટેરિફ રેટ પ્રમાણે અમેરિકા ચીન પાસેથી ૩૪ ટકા, યુરોપિયન યુનિયન પાસેથી ૨૦ ટકા, જાપાન પાસેથી ૨૪ ટકા અને ભારત પાસેથી ૨૬ ટકા રેસિપ્રોકલ ટેરિફ વસૂલ કરશે. ભારત પર ૨૬ ટકા રેસિપ્રોકલ ટેરિફ લાગુ કર્યાની જાહેરાત બાદ




અમેરિકાના કોમર્સ સેક્રેટરીને આ અંગે પૂછવામાં આવતાં તેમણે કંઈ કહેવાનું ટાળ્યું હતું.રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત સાથે જ એશિયન બજારોમાં હડકંપ મચી ગયો હતો. જાપાનનું શેરબજાર ઊંધા માથે પછડાયું હતું. રેસિપ્રોકલ ટેરિફની જાહેરાત બાદ જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૪ ટકાથી વધૂ તૂટ્યો હતો. નિક્કઈ ઈન્ડેક્સ ૪.૬ ટકા તૂટીને આઠ મહિનાના નીચલા સ્તર ૩૪૧૦૨ પર પહોંચી ગયો હતો. જાપાન પર અમેરિકાએ ૨૪ ટકા ટેરિફ લગાવ્યો છે.

## દિલ્હીની સેશન્સ કોર્ટે મેઘા પાટકરની માનહાનિના કેસમાં સજા યથાવત રાખી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

દિલ્હીની એક સેશન કોર્ટે ઉપરાજ્યપાલ વિનય કુમાર સક્સેના દ્વારા દાખલ ગુનાઈત માનહાનિના મામલામાં ૬૯ વર્ષીય સામાજિક કાર્યકર મેઘા પાટકરને દોષિત ઠેરવ્યા છે અને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટના આદેશને કાયમ રાખ્યો છે. દિલ્હીના ઉપરાજ્યપાલ વી.કે. સક્સેના દ્વારા પાટકર વિરુદ્ધ દાખલ કરાયેલા માનહાનીના કેસમાં ટ્રાયલ કોર્ટે પાટકરને પાંચ મહિનાની જેલ અને વળતર પેટે વી.કે. સક્સેનાને રૂ. ૧૦ લાખની ચૂકવણી કરવાનો આદેશ આપ્યો હતો. પાટકરે ટ્રાયલ કોર્ટના આદેશને પડકાર્યો હતો. કોર્ટે મેઘા પાટકરને સજાની સુનાવણી માટે ૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વ્યક્તિગત રીતે કોર્ટમાં હાજર રહેવા આદેશ કર્યો છે. કોર્ટના જણાવ્યાં અનુસાર, પ્રતિવાદી દ્વારા ઉપલબ્ધ બનાવાયેલાં પુરાવામાં એ સ્પષ્ટ થાય છે કે, મેઘા પાટકર દ્વારા ૨૪ નવેમ્બર, ૨૦૦૦ના રોજ પ્રકાશિત કરાયેલ પ્રેસનોટ તેમના ચરિત્રને નુકસાન કરવા માટે પ્રકાશિત કરાઈ હતી.

### ભારતીય મીડિયાના રેન્કિંગમાં ઘટાડા અંગે સંસદમાં મંત્રીનો જવાબ

## ભારતના મીડિયા ઇકોસિસ્ટમને વિદેશી સંસ્થાઓ પાસેથી માન્યતાની જરૂર નથી

### માહિતી-પ્રસારણ રાજ્યમંત્રી મંત્રીએ એ પણ માહિતી આપી હતી કે, પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રેસની સ્વતંત્રતાના રક્ષણ માટે કામ કરે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

માહિતી અને પ્રસારણ રાજયમંત્રી એલ મુરુગને લોકસભામાં પ્રેસ સ્વતંત્રતા અને રેન્કિંગમાં ઘટાડા પાછળના તર્ક પર ઉઠાવવામાં આવેલા પ્રશ્નોના જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, ભારતમાં મીડિયા કોઈપણ દબાણ વિના મુક્ત અને સક્રિય રીતે કામ કરી રહ્યું છે અને તેને વિદેશી સંગઠનો તરફથી માન્યતાની જરૂર નથી. એલ મુરુગને કોંગ્રેસના સાંસદ કે સુધાકરણના લેખિત પ્રશ્નના જવાબમાં આ વાત કહી હતી, જેમણે ૨૦૨૪માં ગ્લોબલ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સમાં ભારતના રેન્કિંગમાં ઘટાડા વિશે સવાલ પૂછ્યો હતો.મંત્રીએ કહ્યું કે ભારતમાં એક્ટિવ મીડિયા સિસ્ટમ છે જેને વિદેશી સંસ્થાઓ પાસેથી માન્યતાની જરૂર નથી. નોંધનીય છે કે, મુરુગનનું આ નિવેદન ગયા વર્ષે રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ દ્વારા પ્રકાશિત થયેલા અહેવાલ પછી આવ્યું છે જેમાં પત્રકારોની સ્વતંત્રતાના સંદર્ભમાં ભારત ૧૮૦ દેશોમાં ૧૫૯મા ક્રમે હતું. કેન્દ્ર સરકાર દ્વારા પ્રેસની સ્વતંત્રતા અને પત્રકારોના અધિકારોના રક્ષણ માટે લેવામાં આવેલા પગલાં વિશે પૂછવામાં આવતા મંત્રીએ કહ્યું કે બંધારણની કલમ ૧૯ હેઠળ અભિવ્યક્તિની સ્વતંત્રતા સુરક્ષિત છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ભારતમાં મજબૂત ન્યાયિક વ્યવસ્થા છે જે બંધારણીય જોગવાઈઓને લાગુ કરવામાં મદદ કરે છે. મંત્રીએ એ પણ માહિતી આપી હતી કે, પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રેસની સ્વતંત્રતાના રક્ષણ માટે કામ કરે છે અને પત્રકારો પર શારીરિક હુમલા અને હુમલા સંબંધિત ફરિયાદોનું નિરાકરણ લાવે છે.

### પોલીસે છ આરોપીની ધરપકડ કરી

## કર્ણાટકમાં લોન નહીં મળતાં શખ્સે બેન્કમાંથી ૧૭ કિલો સોનું લૂંટી લીધું

### સ્પેનિશ ક્રાઈમ ડ્રામા સીરિઝ 'મની હાઇસ્ટ' પરથી બેંન્ક લૂંટવાનો આઇડિયા આવ્યો હતો

। (એજન્સી) બેંગલુરુ, તા.૩ ।

કર્ણાટકના દાવણગેરે જિલ્લામાં એક વ્યક્તિને બેંકે લોન આપી નહીં. એટલે આ વ્યક્તિએ બેંકમાંથી ૧૭ કિલોગ્રામ સોનાની લૂંટ કરી હોવાની ઘટના સામે આવી છે. પોલીસના કહેવા મુજબ, મુખ્ય આરોપી વિજયકુમાર(૩૦ વર્ષ) આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યો હતો. તેણે ઓગષ્ટ ૨૦૨૩માં સ્ટેટ બેંકમાંથી રૂપિયા ૧૫ લાખની લોન મેળવવા માટે અરજી કરી હતી. પરંતુ તેની લોનની અરજી નામંજૂર થઈ હતી. એટલે નારાજ થઈને બેંકમાંથી રૂપિયા ૧૩ કરોડનું સોનું લૂંટી લીધું. પોલીસ અધિકારીના કહેવા મુજબ, આરોપી વિજયકુમારને સ્પેનિશ ક્રાઈમ ડ્રામા સિરીઝ 'મની હાઈસ્ટ' જોઈને આઈડિયા આવ્યો હતો. ત્યાર પછી તેણે યુટ્યુબ વીડિયો જોઈને ૬થી ૯ મહિનામાં






બેંક લૂંટવાનો પ્લાન બનાવ્યો.બેંક લૂંટવામાં મુખ્ય આરોપીના ભાઈ અજયકુમાર, બનેવી પરમઆનંદ અને ત્રણ અન્ય સાથી અભિષેક, ચંદુ અને મંજૂનાથની મદદ લીધી હતી. પોલીસે તમામ છ આરોપીની ધરપકડ કરી લીધી છે. પોલીસે વધુમાં જણાવ્યું કે, આરોપી વિજયકુમારે બેંક લૂંટવા પહેલાં કેટલીયે વાર રેકી કરી હતી. રાત્રિના સમયમાં ખેતરમાંથી બેંક સુધી જવા માટેની મોક ડ્રિલ કરી, જેથી પોલીસ અને સામાન્ય લોકોને મુવમેન્ટનો અંદાજ આવી શકે નહીં. ત્યાર પછી ગેંગે બારીમાંથી બેંકમાં એન્ટ્રી કરી હતી. સાયલન્ટ હાઈડ્રોલિક આયનર કટર અને ગેસ-કટિંગ ટુલ્સનો ઉપયોગ કરીને બેંકના લોકર તોડ્યા. કોઈએ પણ ફોનનો ઉપયોગ કર્યો નહીં.સીસીટીવીના ડિઝિટલ વીડિયો રેકોર્ડર પણ સાથે લઈ ગયા. જેનાથી પોલીસ માટે કોઈ સુરાગ રહે નહીં. જોકે, ચોરી કરેલું સોનુ વેચવાનું શરુ કર્યું અને તેમાંથી મળેલા પૈસાનો ઉપયોગ ધંધામાં અને ઘર ખરીદવા માટે ઉપયોગ કરવામાં આવ્યો. તપાસ દરમિયાન પોલીસને તમિલનાડુના એક નેટવર્કની ખબર પડી, જે લોકલ લોકો સાથે મળીને કામ કરી રહ્યો હતો. તેની મદદથી પોલીસે તમામ છ આરોપીની ધરપકડ કરી લીધી. પોલીસે એક્સપર્ટ સ્વિમર્સની મદદથી ૩૦ ફૂટ ઊંડા કુવામાંથી લોકર જપ્ત કર્યું.

## અંગદાન કરનારા સરકારી કર્મીને ૪૨ દિવસની રજા મળશેઃ કેન્દ્રનો નિર્ણય

### આ રજા સર્જરી ટાઈપ નિર્ભર નહીં કરે, પરંતુ સરકારી ડોક્ટરની ભલામણ પર વધુમાં વધુ ૪૨ દિવસો માટે રજા લઈ શકાશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૩ ।

કેન્દ્ર સરકારે સરકારી કર્મચારીઓ માટે ઓર્ગન ડોનેશન (અંગદાન) કરવા પર ૪૨ દિવસની રજા આપવાની જોગવાઈ કરી છે. આ માહિતી લોકસભામાં કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે આપી છે. આ રજા સર્જરી ટાઈપ નિર્ભર કરશે નહીં, પરંતુ સરકારી ડોક્ટરની ભલામણ પર વધુમાં વધુ ૪૨ દિવસો માટે રજા લઈ શકાશે. સામાન્ય રીતે હોસ્પિટલમાં દાખલ થવાના દિવસથી શરુ થશે, પરંતુ જરુરિયાત પડવા પર સર્જરીના એક સપ્તાહ પહેલા પણ લઈ શકાશે.આ જોગવાઈ ૨૦૨૩માં પર્સોનલ ડિપાર્ટમેન્ટના આદેશ અંતર્ગત લાગુ કરવામાં આવી હતી, જેનાથી ઓર્ગન ડોનેશનને પ્રોત્સાહન મળવાની આશા છે. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્રસિંહે જણાવ્યું કે વિશેષ આકસ્મિક રજા સામાન્ય રીતે હોસ્પિટલમાં ભરતી થવાના દિવસથી લઈ શકાય છે. આ આદેશ મુજબ, જરુરિયાત પડવા પર સરકારી રિજસ્ટર્ડ ડોક્ટર કે ડોક્ટરની ભલામણ પર સર્જરીના વધુમાં વધુ એક સપ્તાહ પહેલા તેનો લાભ લઈ શકાશે. ઉલ્લેખનીય છે કે, અંગદાનથી એક વ્યક્તિને નવું જીવન આપી શકાય છે. પરંતુ ભારતમાં અંગદાન પ્રત્યે જોઈએ એવી જાગૃતિ નથી.

## વિશેષ

### નવી શરુ કરેલી હેલ્પ લાઇનમાં આવતી ફરિયાદોના ઝડપી નિકાલ કરવા મંત્રીશ્રીની સુચના

# આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની ૧૨મી ગવર્નિંગ બોડીની બેઠકમાં સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરાઇ

। (માહિતી) ગાંધીનગર ।

આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે PMJAY-મા યોજનાની ૧૨મી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઇ હતી.આ બેઠકમાં યોજનાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

ગત વર્ષે યોજના સંલગ્ન કરવામાં આવેલી કામગીરીનું રીવ્યું કર્યુ હતું તેમજ આ વર્ષની નવીન પોલિસી સંદર્ભેની નવી બાબતોની પણ ચર્ચા આ બેઠકમાં થઈ હતી. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,ગત વર્ષની પોલિસીમાં રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારના દર્દીઓની સારવાર પાછળ આ યોજના હેઠળ ૩૭૬૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર કરવામાં આવ્યો છે.





ત્રણ મહિના પહેલા PMJAY-મા યોજના સંલગ્ન માહિતી અને જાણકારી મેળવવા તેમજ ફરિયાદ માટે શરું કરવામાં આવેલી હેલ્પલાઈન ૦૭૯-૬૬૪૪૦૧૦૪ માં ૧૦ હજાર જેટલા કોલ આવ્યા છે.જેમાંથી મોટાભાગના માહિતી અને જાણકારી મેળવવા માટેના હતા અને ફક્ત ૯૦૦ જેટલા કોલ ફરિયાદ સંબંધિત આવ્યાં હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. PMJAY-મા યોજના અંતર્ગત સારવાર મેળવતા દર્દીઓ પાસેથી ફીડબેક મેળવવા માટે ૧૦૪ હેલ્પ લાઈન કાર્યરત છે જેના અંતર્ગત હેલ્પ ડેસ્ક રીવ્યું કરતા ૯૯% જેટલા પ્રતિભાવો પોઝિટિવ મળ્યાં હતા.

વધુમાં સીએમ ડેશબોર્ડ મારફતે પણ આ યોજનાનું રીવ્યું કરાય છે. જેમાં ૯૨% થી વધુ લોકો આ યોજનાથી ખુશ હોવાનું માલુ પડ્યું હતું. આ ગવર્નિંગ બોડીની બેઠકમાં નવી શરૂ કરેલી હેલ્પ લાઈનમાં આવતી ફરિયાદોના ઝડપી નિવારણ માટે પણ સંબંધિત અધિકારીઓને સૂચના આપી હોવાનું મંત્રી શ્રી એ જણાવ્યું છે. અન્ય મહત્વની જાણકારી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, એન્જીઓપ્લાસ્ટિમાં ઉપયોગમાં લેવાતાં સ્ટેન્ટના ભાવ માટેનો એઝિક્યુટીવ કમિટીનો નિર્ણય ગવર્નીંગ બોડીમાં હાલ મુલતવી રાખવામાં આવ્યો છે. જેના વિગતવાર ચર્ચા વિચારણા કર્યા બાદ નવો નિર્ણય હાથ ધરાશે. હાલ નિયત કરેલી ૨૪૭૧ જેટલી હેલ્થ પ્રોસીઝરમાં નવીન મહત્વની પ્રોસિઝર ઉમેરવા માટેની શક્યતાઓની ચકાસણી કરી તે માટે ટુંક સમયમાં નિર્ણય લેવામાં આવનાર હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ ગવર્નિંગ બોડીની બેઠકમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, આરોગ્ય કમિશનર -અર્બન શ્રી હર્ષદભાઈ પટેલ, આરોગ્ય કમિશનર - રૂરલ શ્રીમતી રતન કંવરબા સહિતના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

### વેસ્ટર્ન રેલવેની મુસાફરો માટે મોટી જાહેરાત

# અમદાવાદ અને કાનપુર વચ્ચે બે જોડી વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી

## પશ્ચિમ રેલવેએ આ ટ્રેનોના બુકિંગ અને ચલાવવા માટેનું સમયપત્રક જાહેર કર્યું છે ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મોટો નિર્ણય લીધો છે

। અમદાવાદ, તા.૩ ।

પશ્ચિમ રેલવેએ ઉનાળાના વેકેશન દરમિયાન ગુજરાતના અમદાવાદ અને યુપીના મોટા શહેર કાનપુર વચ્ચે બે જોડી વિશેષ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે. આ બે જોડી ટ્રેનો સમગ્ર સીઝનમાં ૨૦૦ થી વધુ ટ્રીપ કરશે. પશ્ચિમ રેલવેએ આ ટ્રેનોના બુકિંગ અને ચલાવવા માટેનું સમયપત્રક જાહેર કર્યું છે ઉનાળાની રજાઓને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મોટો નિર્ણય લીધો છે. રેલ્વેએ અમદાવાદના અસારવા રેલ્વે સ્ટેશનથી કાનપુર સુધી સીધી સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. બે જોડી ટ્રેન ૨૦૦ થી વધુ ટ્રીપ કરશે. જેનો સીધો ફાયદો ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદથી ઉત્તર પ્રદેશ જતા મુસાફરોને થશે. પશ્ચિમ રેલ્વેએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ઉનાળાની ઋતુમાં મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને, મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને વિશેષ ભાડા પર અસારવા-આગ્રા કેન્ટ ડેઈલી સ્પેશિયલ અને અસારવા-કાનપુર સેન્ટ્રલ વીકલી સ્પેશિયલની બે જોડી વિશેષ ટ્રેનો ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧. ટ્રેન નંબર ૦૧૯૨૦/૦૧૯૧૯ અસારવા-આગ્રા કેન્ટ-અસારવા ડેઈલી સ્પેશિયલ (૧૮૨ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૧૯૨૦ અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલ અસારવાથી ૦૨ એપ્રિલ ૨૦૨૫ થી ૦૧ જુલાઈ ૨૦૨૫ સુધી દરરોજ ૧૮.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૦.૨૦ કલાકે આગ્રા કેન્ટ પહોંચશે. આ રીતે, ટ્રેન નંબર ૦૧૯૧૯ આગ્રા કેન્ટ-અસારવા સ્પેશિયલ આગ્રા કેન્ટથી ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી દરરોજ ૨૩.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૬.૩૫ કલાકે અસારવા પહોંચશે. આ ટ્રેન રૂટ પર બંને દિશામાં હિંમતનગર, ડુંગરપુર, જાવર, ઉદેપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બુંદી, કેશોરાઈ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સિકરી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે. ૨. ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૧૯૦૫ અસારવા-કાનપુર સેન્ટ્રલ-અસારવા વીકલી સ્પેશિયલ (૨૬ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ૦૮ એપ્રિલ ૨૦૨૫ થી ૦૧ જુલાઈ ૨૦૨૫ સુધી દર મંગળવારે અસારવાથી ૦૯.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૭.૦૦ કલાકે કાનપુર સેન્ટ્રલ પહોંચશે.

આ રીતે, ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલ કાનપુર સેન્ટ્રલથી ૦૭ એપ્રિલ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી દર સોમવારે સવારે ૦૮.૦૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૫.૪૫ કલાકે અસારવા પહોંચશે. આ ટ્રેન હિંમતનગર, ડુંગરપુર, જાવર, ઉદેપુર સિટી, માવલી, ચંદેરિયા, મંડલ ગઢ, બુંદી, કેશોરાઈ પાટણ, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સીકરી, ઈદગાહ, ટુંડલા, ફિરોઝાબાદ અને ઈટાવા સ્ટેશનો પર બંને દિશામાં ઉભી રહેશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૧૯૨૦નું બુકિંગ તાત્કાલિક અસરથી છે અને ટ્રેન નં. ૦૧૯૦૬ નું બુકિંગ ૦૩ એપ્રિલ ૨૦૨૫ થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશનની સંપૂર્ણ વિગતો રેલવેની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. પશ્ચિમ રેલવેએ અસારવાથી વિશેષ ટ્રેન દોડાવી છે કારણ કે કાલુપુરરેલવે(અમદાવાદરેલવેસ્ટેશન)ના પુનઃવિકાસનું કામ ચાલી રહ્યું છે. ત્યાં બુલેટ ટ્રેન સ્ટેશન પણ બનાવવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં, અસારવાથી દરરોજ વિશેષ ટ્રેનો ચાલશે.

### ન્યૂઝ બ્રિફ

## ૨૬૧ ASIનું પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે પ્રમોશન

। (એજન્સી) ગાંધીનગર, તા.૩ ।

રાજ્યમાં બઢતી અને બદલીની મોસમ યથાવત જોવા મળી રહી છે. ગૃહ વિભાગે વધુ એકવાર ૨૬૧ કર્મચારીઓને પ્રમોશન આપ્યું છે. ASI તરીકે બજાવતા ૨૬૧ જેટલા કર્મચારીઓને PSIનું પ્રમોશન આપ વામાં આવ્યું છે. રાજ્યના અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા ASIને પ્રમોશન સાથે બદલીના આદેશ આપ્યા છે. છેલ્લા ૧૫ મહિનામાં પી.એસ.આઈથી લઈને ક્લેરિકલ સ્ટાફ મળીને કુલ ૭૦૩૧ કર્મચારીઓને બઢતી અપાતાં પોલીસ કર્મચારીગણમાં આનંદ ફેલાયો છે. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે ૨૬૧ ASIને PSI તરીકે બઢતી સાથે બદલી ના આદેશ આપ્યા છે. અત્રે જણાવીએ કે, લાંબા સમયથી પ્રમોશનની રાહમાં બેઠેલા પોલીસ કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે.

## ભાવનગર મેડિકલ કોલેજના ડીન ડો. સુશીલ ઝાએ અચાનક આપ્યું રાજીનામું

। (એજન્સી) ભાવનગર, તા.૩ ।

ભાવનગર મેડિકલ કોલેજના ડીન ડૉ. સુશીલ ગોપીકાંત ઝાએ અચાનક રાજીનામું ધરી દીધું છે. સુશીલ ઝા સર ટી હોસ્પિટલના એક માત્ર ઈદ્ધ ડોકટર છે. અનેક વિવાદો વચ્ચે રાજીનામું ધરી દેતાં ચકચાર મચી ગઈ છે. ઈન્ચાર્જ ડીન ડૉ. સુશીલ ઝા છેલ્લા ૧૦ દિવસથી રજા પર છે. કોન્ટ્રાકટ બેઝ ડીનના પણ રાજીનામાના આદેશ અપાયા છે. ડૉ. હેમંત મહેતાના રાજીનામાં માટે સરકારે સૂચના આપી છે. કોલેજના ડીન તરીકે હવે ડૉ. અમિત પરમાર ધુરા સંભાળશે. ભાવનગર મેડિકલ કોલેજના ઈન્ચાર્જ ડીન અને એકમાત્ર ઈદ્ધ સર ટી. ડૉ. સુશીલ ઝાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે અને રાજીનામું આપી દીધું છે. ડૉ. ઝા ૧૦ દિવસની માંદગીની રજા પર ગયા છે અને તેમનો કાર્યભાર એડિશનલ ડીન ડૉ. અમિત પરમાર સંભાળશે. બીજી તરફ, પૂર્વ ડીન ડો. હેમંત મહેતાએ રાજીનામું આપી દીધું હતું અને તેઓ મોરબી અને ત્યાંથી ભાવનગરમાં કરાર આધારિત કામ કરતા હતા, પરંતુ કોઈ કારણોસર સરકારે તેમનું રાજીનામું લેવા સૂચના આપી છે. આ બંને ઘટનાઓએ હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ઘણી ચર્ચા જગાવી છે. થોડા વર્ષ અગાઉ ગુજરાતની સૌથી મોટી સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ પદ પરથી જે.વી. મોદીને હટાવવામાં આવ્યા હતા. જે. વી. મોદીના રાજીનામા પછી, અન્ય ડોક્ટરોએ પણ રાજીનામું આપી દીધું હતું. એવી પણ ચર્ચા હતી કે આનો બધો દોષ ગાંધીનગરમાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓ પર આવે છે.

### આરી વડે લાશના ટુકડા કર્યા બાદ સ્ત્રી વેશ ધારણ કરી નિકાલ કર્યો

# ભરૂચની ઘાતકી હત્યાનો ભેદ ઉકેલાયો મિત્રે જ આરી વડે મિત્રના નવ ટુકડા કર્યા

## ભરૂચ શહેરમાં દુધધારા ડેરી નજીક ABC કંપની જવાના રસ્તાની બાજુમાં ૨૯ માર્ચે ગટરમાંથી શ્વાન કોઇ અજાણ્યા પુરૂષનું માથુ ખેંચી લાવ્યું હતું

। (એજન્સી) ભરૂચ, તા.૩ ।



ભરૂચ GIDC ની કાંસની ગટરમાંથી મળેલા અજાણ્યા પુરૂષના અંગોમાં મૃતકની ઓળખ થયા બાદ પોલીસે હત્યારાને પણ ઝડપી પાડ્યો છે. મિત્રએ જ મિત્રની હત્યા કરી હોવાની મળેલી કડીઓના આધારે મિત્રનું ખૂન કરી શરીરના નવ કટકા કરનાર આરોપીને ઉત્તરપ્રદેશના બીઝનૌરથી ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.ભરૂચ શહેરમાં દુધધારા ડેરી નજીક ABC કંપની જવાના રસ્તાની બાજુમાં ૨૯ માર્ચે ગટરમાંથી શ્વાન કોઈ અજાણ્યા પુરૂષનું માથુ ખેંચી લાવ્યું હતું. બીજે દિવસે ભરૂચ GIDC ની કાંસની ગટરમાં અલગ અલગ જગ્યાએથી માનવ અંગો મળી આવ્યા હતા.

હાથના ટેટુ તથા અન્ય નિશાનો આધારે મરણજનાર સચીન પ્રવીણસિંહ ચૌહાણ હોવાનું પ્રસ્થાપિત થયું હતું. સચીન ચૌહાણ ૨૪ માર્ચથી મિસીંગ હોવાનું જણાતા તેના મિત્ર શૈલેન્દ્ર સાથે છેલ્લે બેઠક થઈ હતી. શૈલેન્દ્ર પણ ભરૂચ છોડી જતો રહ્યો હોવાથી LCB PSI આર.કે.ટોરાણીની ટીમે ઉત્તરપ્રદેશ ખાતે શૈલેન્દ્રના વતનના આસપાસના વિસ્તારમાં વોચ રાખી હતી. શકમંદ UP ના બીઝનૌર ખાતેથી મળી આવ્યો હતો.આરોપી શૈલેન્દ્રને ભરૂચ લાવી વધુ પુછપરછ હાથ ધરાતા આટલી હદે ઘાતકી હત્યાપાછળઆરોપીનીપત્નીનાઅંગતફોટા મૃતક સચીને પોતાના મોબાઈલમાં લીધા હોવાની હકીકત સામે આવી હતી. હત્યારા શૈલેન્દ્ર ચૌહાણે સચીનના નામે પોતે લોન પણ લીધી હતી. જેના હપ્તા બાબતે બંને વચ્ચે જીભાજોડી થતી રહેતી. સચિનના મોબાઈલમાં આરોપીની પત્નીના ફોટા ડીલીટ કરવા બાબતે બંને વચ્ચે તકરાર થઈ હતી. શૈલેન્દ્રએ સચીનને ૨૪ માર્ચે તેના ઘરે જમવા બોલાવ્યો હતો. બન્ને રાતે સુઈ ગયા બાદ સચીનનો મોબાઈલ મેળવી આરોપીએ તેમાં રહેલા પોતાની પત્નીના ફોટા ડીલીટ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સચીન જાગી જતા બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. સચીનને પહેલા ગળે છરી મારી હત્યા કરાઈ. બાદમાં શૈલેન્દ્રએ ખરીદેલી આરીથી સચીનની લાશના અલગ અલગ ૯ ટુકડા કર્યા. પોતે પકડાઈ જાય નહીં અને પોલીસને ગુમરાહ કરવા આરોપીએ સ્ત્રી વેશ ધારણ કરી એટલે કે ગાઉન પહેરી રોજ એક માનવ અંગનો નિકાલ કરવા નીકળતો હતો.સચીન શૈલેન્દ્રનો કોલેજ કાળથી મીત્ર હતો. બન્ને ભરૂચ ખાતે ૧૦ વર્ષથી રહેતા હતા. દહેજની અલગ અલગ કંપનીમાં નોકરી કરતા હતા. હત્યા બાદ સચીનના પરીવારને ગુમરાહ કરવા માટે સચીનના ATM માંથી રૂપિયા ઉપાડ્યા પણ હતા. સચીનનો ફોન ચાલુ કરી મેસેજ વડે સચીનની પત્ની તથા તેના પરીવાર સાથે મેસેજથી વાત કરતો રહેતો. જેથી એવુ લાગે કે સચીન જીવિત છે અને કોઈ કારણસર ઘરેથી ચાલ્યો ગયો. સગા સબંધીઓ સચીનની શોધખોળ માટે ભરૂચ આવ્યા ત્યારે શૈલેન્દ્ર પણ તેની સાથે જોડાઈ ગયો. સચીન ગુમ થયાની જાહેરાત આપવા માટે તે લોકો સાથે પોલીસ સ્ટેશન પણ ગયો.

### ગેરરીતિના વધુ ૩ કેસ સામે આવ્યા

# બોર્ડ પરીક્ષાના સીસીટીવી ફૂટેજની ૩૫૯૬ સીડીની ચકાસણી પૂરી

## આ કામગીરી પૂરી થઈ ગઈ છે અને સીસીટીવીની સીડીની ચકાસણીમાં પરીક્ષામાં ગેરરીતિના ત્રણ શંકાસ્પદ કેસ સામે આવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાત બોર્ડની ધો.૧૦ અને ધો.૨ની પરીક્ષાઓ પૂરી થતાની સાથે જ વડોદરા ડીઈઓ કચેરી દ્વારા પરીક્ષાના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરુ કરાઈ હતી. આ કામગીરી પૂરી થઈ ગઈ છે અને સીસીટીવીની સીડીની ચકાસણીમાં પરીક્ષામાં ગેરરીતિના ત્રણ શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે સીસીટીવીના ફૂટેજની સીડીઓની ચકાસણી માટે ડીઈઓ કચેરી દ્વારા ૬૦ શિક્ષકોની એક ટીમ બનાવવામાં આવી હતી. બે કોમ્પ્યુટર લેબોરેટરીમાં ૩૧ દિવસ સુધી સીડીની ચકાસણી થઈ હતી અને આ દરમિયાનમાં શિક્ષકોએ ધો.૧૦ની પરીક્ષાની ૨૨૨૬ સીડી અને ધો.૧૨ની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની ૧૩૭૦ સીડીની ચકાસણી કરી હતી. ડીઈઓ કચેરીના સૂત્રોના કહેવા પ્રમાણે આ ચકાસણીમાં ધો.૧૦માં એક અને ધો.૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં તથા સામાન્ય પ્રવાહમાં શંકાસ્પદ ગેરરીતિના એક-એક કેસ એમ કુલ ત્રણ કેસ સામે આવ્યા છે. આ વિદ્યાર્થીઓ કાપલીમાંથી લખતા હોવાનું ફૂટેજમાં દેખાયું હતું.તેમની સુનાવણી પણ તા.૧ એપ્રિલ, મંગળવારે હાથ ધરવામાં આવી હતી. જેનો અહેવાલ બોર્ડને મોકલી આપવામાં આવ્યો છે. બોર્ડની સૂચના પ્રમાણે આગળની કાર્યવાહી થશે.

### ગ્રામજનોમાં ફેલાયો ફફડાટ

# રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે બુધવારે દીપડો જોવા મળ્યો

## ફોરેસ્ટ વિભાગે દીપડાને પાંજરે પુરવા કાર્યવાહી હાથ ધરી

। (એજન્સી) રાજકોટ, તા.૩ ।

સામાન્ય રીતે એરપોર્ટ પર અને તેની આસપાસ સઘન સુરક્ષા જોવા મળતી હોય છે. ત્યારે રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટ પાસે બુધવારે દીપડો જોવા મળ્યો છે. એરપોર્ટના રન-વેની પેરામીટર વોલ નજીક દીપડાના આંટાફેરાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ફોરેસ્ટ વિભાગે દીપડાને પાંજરે પુરવા કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ દીપડો કઈ તરફ ગયો તે બાબતનો કોઈ જ અંદાજ હજુ સુધી આવ્યો નથી. દીપડો દેખાયાની ખબર પડતાની સાથે જ હિરાસરના ગ્રામજનોમાં પણ ફફડાટ ફેલાઈ ગયો છે. રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર ચોટીલા પાસે હિરાસરમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ આવેલું છે જેના રન વે પાછળની દિવાલ નજીક દીપડો દેખાયો હતો. જેમાં કારમાં બેસેલા એક વ્યક્તિ દ્વારા આ વીડિયો ઉતારવામાં આવ્યો છે જેમાં સૌપ્રથમ દીપડો એરપોર્ટની દીવાલ પાસે બેઠો હોય છે અને ત્યારબાદ કાર આવતાની સાથે જ આ દીપડો ઊઠીને દિવાલ તરફ આગળ વધે છે અને ત્યારબાદ વિડી વિસ્તારમાં ચાલ્યો જાય છે.

### આધારકાર્ડમાં સુધારો કરવાનું કૌભાંડ સામે આવ્યું

# સુરતમાં ધારાસભ્યના ખોટા સહી-સિક્કાથી આધારકાર્ડ અપડેટનું કૌભાંડ ઝડપાયું

। (એજન્સી) સુરત, તા.૩ ।

સુરતમાં ધારાસભ્ય કિશોર કાનાણીના ખોટા સિક્કાનો ઉપયોગ કરી આધારકાર્ડમાં સુધારો કરવાનું કૌભાંડ સામે આવ્યું છે. જેમાં કાપોદ્રા પોલીસે મૂળ ઓડિશાના યુવક દિપક પટનાયક નામના આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, સુરતમાં ધારાસભ્ય કિશોર કાનાણીના ખોટો સિક્કો બનાવી દુરૂપયોગ કરવામાં આવતો હતો. આરોપી દિપક પટનાયક આ ખોટા સિક્કાનો ઉપયોગ કરીને આધાર કાર્ડના ફોર્મ અપડેટ કરતો અને લોકો પાસેથી પૈસા પડાવતો હતો. સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે આ અંગે તપાસ હાથ ધરી હતી અને ટૂંક જ સમયમાં આરોપીને ઝડપી પાડ્યો હતો. આરોપી દીપક પટનાયકની ઓફિસમાંથી આધારકાર્ડ અપડેટ કરવાના ફોર્મ અને અન્ય પુરાવા એકત્રિત કરી પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

આ મમાલે કાપોદ્રા પોલીસે જણાવ્યું કે, આરોપી મૂળ ઓડિશાનો રહેવાસી છે. તેની પાસેથી ૨૯થી વધારે ફોર્મ મળી આવ્યા છે, જેમાં ધારાસભ્યની ખોટી સહી અને ખોટા સિક્કા લગાવેલા હતા. આ સિવાય ધારાસભ્યની આધાર કાર્ડની ફોટો કૉપી મળી આવી છે. આરોપીના ફોનમાંથી ધારાસભ્યની સહીની કૉપી પણ મળી આવી છે અને કોમ્પ્યુટરમાંથી સ્ટેમ્પ્સ અને બીજા ડોક્યુમેન્ટ્સ મળ્યા છે. આરોપી આની મદદથી પાનકાર્ડ અપડેટ અને નવા પાનકાર્ડ બનાવવા માટેનો ઉપયોગ કરતો હતો. અત્યાર સુધીના મોટા ભાગના દસ્તાવેજ આધારકાર્ડ અપડેટને લઈને મળી આવ્યા છે.

ધારાસભ્ય કિશોર કાનાણીએ આ વિશે જણાવ્યું કે, આ ખૂબ જ ગંભીર બાબત છે. કોઈપણ ચૂંટાયેલા પ્રતિનિધિના ખોટા સહી-સિક્કા બને અને તેનો દુરૂપયોગ થાય તે ખૂબ જ ગંભીર કહેવાય. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે અને હું પોલીસની કામગીરીને અભિનંદન પાઠવું છું. આ મુદ્દે ગંભીર તપાસ થવી જોઈએ કારણ કે, કોઈ ગેરકાયદે વિદેશી ઘુસણખોરો પણ આ પ્રકારનો ઉપયોગ કરતા હોય શકે છે. જોકે, આ મામલે તપાસમાં હજુ વધુ ખુલાસા થઈ શકે છે.







# દ્વારકાની ગોમતી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધતાં પરિવાર ફસાયો

। (એજન્સી) દ્વારકા, તા.૩ ।

દ્વારકા દર્શન કરવા ગયેલા શ્રદ્ધાળુઓ ગોમતી નદીમાં ફસાયા હતા. રાજકોટથી દ્વારકા ખાતે દર્શન કરવા આવેલો પરિવાર સવારે ગોમતી નદીમાં પાણીનો પ્રવાહ ઓછો હોવાથી સામે કાંઠે પહોંચ્યો હતો, પરંતુ અચાનક ગોમતી નદીમાં પાણીનો પ્રવાહ વધી જતાં પરિવાર ફસાઈ ગયો હતો. સ્થાનિક લોકોને આ ઘટનાની પોલીસને જાણ કરી હતી, જેથી તંત્રએ તાત્કાલિક સુદામા સેતુના દરવાજા ખોલી પાણીનું લેવલ ઓછી કરી ફસાયેલા તમામ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર હાલમાં બાળકોનું વેકેશન હોવાથી રાજકોટનો પરિવાર દ્વારકાધીશના દર્શને ગયો હતો. દર્શન કર્યા બાદ પરિવારના સભ્યો સવારે ગોમતી નદી પાર કરીને સામે કિનારે ગયા હતા. પરંતુ ત્યારબાદ ગોમતી નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધી જતાં ત્યાં પરિવાર ફસાઈ ગયો હતો.

